માબાપનો છોકરાં પ્રત્યે
ધર્મ.

(જાહેરમાં વાંચવા માટે તૈયાર કરેલો નિબંધ.)


બનાવનાર

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર

શાહ કીકાભાઈ પ્રભુદાસ.

(ગુજરાત મિત્રનો અધિપતી.)



સુરત.

સિટિ સેનટ્રલ પ્રેસ મધે.

કેસુરજી રઘનાથજી એ છાપ્યો છે.

સંવત ૧૯૩૫. સને ૧૮૭૯.

કીંમત ચાર આના.

અથથી ઇતી લગી, વાંચી વિચાર કર
ઉપર ટપકે જોઇ જઇ, મત આપતા ડર.

* માબાપનો છોકરાં પ્રત્યે ધર્મ.

પ્રવેશક વાંણી.

આજ કાલ જ્યાં જ્યાં અંગરેજી ભાષા દાખલ થઇ છે, જ્યાં જ્યાં અંગરેજી વધારે ભણાય છે, જ્યાં જ્યાં અંગરેજી ભણેલાની સંખ્યા વધારે દીઠામાં આવેછે, પછી તે સ્વદેશી રાજ્ય હોકે મહા કૃપાળુ કેસરે હીંદ વિક્ટોરિયા સરકારનું રાજ્ય હો-ત્યાં ત્યાં ખુલ્લે મોહોડે એવું બોલવામાં આવે છે કે અંગરેજી ભાષા ભણીને છોકરાંઓ વટલી જાય છે, પર ધર્મનું આચરણ કરીને સ્વધર્મ અને સ્વગુરૂને ધિક્કારની નજરે જોય છે, દારૂ પીતા અને માંશ ખાતા શિખે છે, જુઠાણું અને કુડ કપટ વધે છે, પર સ્ત્રી ભોગવવામાં પાપ સમજતા નથી અને સઘળી છોટ ઊંચી મુકી સ્વછંદ વરતે છે. આ રીતે સઘળો દોષ અંગરેજી ભાષા, ભણતર અને રાજ્યના ઉપર મુકવામાં આવે છે. એમ મેં ઘણાઓને બોલતા વારંવાર સાંભળ્યા છે અને તમે સાહેબોએ પણ સાંભળ્યું હશેજ. એ વાત શું ખરી છે? એ દોષ ભાષા, ભણતર અને રાજ્યના ઉપર મુકાય છે તે શું વાજબી છે? દીવાલમાંથી પ્રત્યાઘાત થાય છે કે "ના" વાજબી નથી. મેં પણ એ વિશે વિચાર કીધો, ઊંડો ઉતર્યો, અને એમ થવાના મૂળ કારણો શોધવા માંડયા તો મને સાફ માલમ પડયું કે અંગરેજી ભાષા અને રાજ્યને ઘણે દરજ્જે ખોટો દોષ દેવામાં આવેછે.

---

* આ નિબંધ તા૦ ૨૭મી જુલાઇ સને ૧૮૭૮ને દીને સુરતની જેલમાં લખવા શરૂ કીધેલો તે તા૦ ૩૧મી જાનેવારી સને ૧૮૭૯ ને દીને જેલની બહાર સુરત મધે સમાપ્ત કીધો.

એટલી વાત ખરી છે કે કેટલાક નવા ચાલ, બોલવાની ઢપ છપ, પેહેરવેશ, નવા શબ્દો અને શબ્દાલંકાર રાજ્ય કરનારી પ્રજા માંથી આવે છે, અને આવ્યા છે અને એમ પારા પૂર્વેથી થતું આવ્યું છે, પણ તેથી આપાણી નીતિને અને ધર્મને થોડુંજ નુકશાન લાગ્યું છે અથવા લાગે છે. માટે સઘળા દુરગુણોના પ્ર વેશ આપણા આ જમાનાના છોકરાંઓમાં થયો છે તેનો દોષ તો માબાપ અને આ જમાનાના ધર્મ ગુરૂઓ ઉપર લાગુ પડે છે. માટે,

"હે તું, પુત્રવતા પિતા, તને જે સોંપણ કીધી છે તેની અગત્યતા તરફ વિચાર કર. જે પુદગળને–જે જીવાત્માને તેં જન્મ આપ્યો છે તેનું રક્ષણ કરવું એ તારી ફરજ છે." "વળી તારા વીર્યથી પેદા થયલું બચ્ચું કાંઇક સમજ શકતી આવ્યા પ છી તને આશિરવાદ દેશે કે શ્રાપ દેશે, તને સુખીયો કરશે કે દુખીયો કરશે, તે પોતાની કોમમાં કામનો થઇ પડશે કે નકા મો માણસ ગણાશે તેનો પણ તારા ઉપર આધાર રાખે છે."

વર્તણુંકનું બંધારણ ઘર ઉપર આધાર રાખે છે.

અંગ્રેજીમાં કહેવત છે કે "*HOME MAKES THE MAN.*" "માણસની વર્તણુંકનું બંધારણ તેના ઘર ઉપર આધાર રા ખે છે." માણસને સારી માઠી વર્તણુંક મેળવવાનું પ્રથમ મુ ખ્ય સ્થાનક પોતાનું ઘર છે અને એ સ્થાનક પ્રથમનું છે તેથી તે ઘણુંજ અગત્યનું છે. છોકરાંઓ બચ્ચપણમાં સારૂં માઠું શિ ખે છે તે ઘણું કરીને પોતાના ઘરમાંથીજ શિખે છે, કેમકે તે ઓ બાળક હોવાથી હમેશા ઘરમાં પોતાના માબાપ અને ભા

ઇ બેનની પાસે રહે છે અને જેવું દખે તેવું શિખે છે. કેહેવત છે કે "દખ દખે ને શિખ શિખે" કેમકે બચપણમાં તેઓમાં વિચાર શકિત હોતી નથી તેથી એકલી નકલજ કરી શકે છે. જેવી ચાલ ઘરના માણસો ચલાવતા હોય, જેવું ઘરના માણસો બોલતા હોય, જે ધર્મ ઘરના માણસો પાળતા હોય, જે વસ્તુ તેઓ ખાતા હોય અને જે વસ્તુ તેઓ પીતા હોય, જેમાં તેઓ છીટ ગણતા હોય, તે સઘળું બાળકો પોતાના ઘરમાંથી શિખે છે. જો ઘરના માણસો કેળવાયલા હોય, જો તેઓ સદાચરણી હોય, જો તેઓ મિતાહારી હોય અને જો તેઓ સ્વધર્મી હોય તો તેના બાળકો પણ સદાચરણી, મિતાહારી, સ્વધર્મી અને કેળવાયલા થાય. જે ઘરના માણસો કજીયાખોર, કુસંપી, અભણ, અશક્ત, અને ગંદા હોય છે તે ઘરમાં ઉછરતા બાળકો પણ તેવાજ નિપજે છે. જ્યોર્જ હરબર્ટ નામનો પુરૂષ કહે છે કે સો ગુરૂ જેટલું નહીં શીખવી શકે તેટલું એક સારી વર્તણુંકવાળી જનેતા હોય તો તે શિખવી શકે છે; કેમકે ગુરૂ તો પોતાના ભાષણથી જેટલો બોધ થાય તેટલો કરે પણ જનેતા તો પોતાના સારાં માઠાં, કૃત્યો કરી દખાડીને નકલ કરાવે. કેહેવત છે કે "*EXAMPLE IS BETTER THAN PRECEPT*" "કેહેવાં કરતાં કરી બતાવવાની અસર ઘણી હોય છે." બાળપણથીજ સારી માઠી વર્તણુંક બંધાઇ જાય છે તે એવી તો સજ્જડ બંધાય છે કે તેના લાભ અને ગેર લાભ લાંબા કાળ સુધી જવા બદ છે. જે સાર અને અસાર તે ઘરમાંથી શિખ્યા હોય છે તેના ઉપર તે મોટપણમાં સ્વતંત્રતાથી વિચાર બાંધી શકે છે.

કેળવણી આપવાની સાંપ્રત કાળની રીત.

હાલમાં આપણા લોકો શું શિખ્યા છે કે પોતાનો પુત્ર પાંચ સાત વરસનો થયો કે તુરત તેને આંક અને નામા શિખવાને માટે પ્રથમ ગામઠી નિશાળમાં મુકે છે અને આંક તથા નામા આવડયા કે તુરત સરકારી નિશાળમાં ચોપડીઓમાં લખેલું જ્ઞાન સંપાદાન કરવા મોકલી દે છે. ત્યાં ત્રણ ચાર વરસ દેશી ભાષામાં અભ્યાસ કરાવીને પછી અંગ્રેજી ભાષાનું જ્ઞાન થવા માટે સરકારી અંગરેજી કે પાદરીઓની સ્થાપેલી અંગરેજી શાળાઓમાં દાખલ કરાવે છે. ત્યાં દાખલ થયા પછી કોઇ કોઇ સારો અભ્યાસ કરે છે અને કેટલાક તો કંટાળીને અધવચમાં ભણવું છોડીદે છે. એમાં કેટલાક પોતાની સંકોચતાને લીધે, કેટલાક કાયરતાને લીધે, અને મોટી બાયડી વાલા કેટલાક તો શરમના માર્યા પણ ભણવાનો ત્યાગ કરેછે. એવી રીતેજેવું તેવું ઉપર ઉપરનુંવાંચવા લખવાનું જ્ઞાન મેળવીને ઇદર તીદર નોકરીઓ મેળવવાને સારૂ અથવા કાંઇ ધંધા રોજગારને સારૂ ફાંફા મારેછે. એટલુ શિખીને કેટલાક એમ માને છે કે હમે ધંધા રોજગારને સારૂ લાયક ભણ્યા છીએ પણ એમાં તેઓ મોટી ભુલ કરે છે, અને ભુલ કરે છે એટલુંજ નહીં પણ જેમ અધુરો ઘડો છલકાય તેમ છલકાઇ જાય છે. દરેક માબાપનો ધર્મ છે કે તેઓએ તેને નિશાળે મુકતા પેહેલા તેને કયા ધંધામાં નાંખવો છે તેનો નક્કી ઠરાવ કરવો અને તે ધંધાને અનુસરતી કેળવણી અપાવવી, અને તે ધંધાને પુષ્ટી કરે એવા ગ્રંથો વંચાવી તેમાં સંપુર્ણતા મેળવાવવી. પણ એટલો જેવો તેવો પણ વિદ્યાભ્યાસ વચલા વર્ગના અને ઉતરતા વર્ગના લોકોના છોકરાંઓ કરે છે—ધનવાન

પુરૂષોના પુતળા પુતળી તો એટલું પણ ભાગ્યેજ ભણે છે—બલકે નથી ભણતા એમ કહીએ તો ચાલી શકશે; કેનકે માબાપના લાડમાં તેઓ ઉછરે છે અને માબાપને તે દાટીયું પેદા કરી લાવશે તો ખાઇશું અથવા ખાશે તે તરફની ફીકર ચિંતા હોતી નથી. ધનવાન માબાપો એમાં પણ ભુલ ખાય છે. દરેક માણસના સઘળા દીવસ સરખા જતા નથી. સુખ દુઃખનો જોડો કરેલો છે. પૈસો ચંચળ અને ચળિત પદાર્થ છે, તે એક ઠેકાણે બેસી રેહેતો નથી. ઘણાક રાય તે રંક થઇ ગયા છે અને રંક તે રાય થયા છે. સને ૧૮૭૮ની પેહેલાની દશી યાદ કરો. મુંબઈ અને તેની સાથે સંબંધ ધરાવનાર મોટા નગરો તરફ નજર ફેરવો, શેર સટાના વખતનું તમારા મનમાં મનન કરો અને પછી જુઓ કે તવંગરો ગરીબ થયા છે કે નહીં? રંક હતા તે રાજ્યની રીધી સિધીને પામ્યા છે કે નથી પામ્યા? માટે યાદ રાખો કે પૈસો એક ઠેકાણે બેસી રેહેતો નથી, તે ચોરાય છે, લુટાય છે, બુડે છે અને બુડાડે છે, બળે છે અને બાહાર જતો રહી બાળે છે. સંપાદન કરેલી વિદ્યા અને હુન્નર જતાં નથી તેને ચોરનો ભય નથી, લુટાઇ જવાનો સંતાપ નથી અને રાય તથા રંકને સરખી રીતે ઉપયોગમાં આવે છે. એને કોઇ નાનુ નથી અને મોટું નથી. જે પુરૂષ તેની આરાધના કરે તેની પાસે તે વસે છે. કહ્યું છે કે:—

॥ કુંડળિયો ॥

માતા બડી તું સરસ્વતિ ॥ વિદ્યા જીનકે હાથ ॥
મન માનેકું દેત હે ॥ જાત ગીને નહીં ...

જાત ગીને નહીં ભાત ॥ હાથ ખાવંદસે કુંચી ॥
જે નર અની અજાગુ ॥ નજરજયાં બેહદપોહોચી ॥
કહે દીન દરવેશ ॥ સદા તેરે ગુન ગાતા ॥
વિદ્યા જીનકે હાથ ॥ બડી સરસ્વતિ માતા ॥૧॥

એ રીતે વિદ્યા તો સઘળી પ્રકારનાં પુરૂષોની પાસે જાય છે. અને તે ઊચ નીચ સઘળાને સરખી કામની છે પણ આ પણા લોકો તો પોતાના છોકરાંઓ પાસે ઉપર ઉપરનો વિદ્યાભ્યાસ કરાવે છે, અને પેટ પોષણ કરી શકે એટલું આવડયું કે તુરત લોભમાં પડીને તેઓને ભણાવવાનું છોડાવી દે છે, અને સંસારના ખટલામાં નાંખે છે. આ ઉપરથી એટલુ તો જણાશે કે દુનિયાદારીમાં પડવાના આરંભ સુધી તે છોકરાં, ઇશ્વર પ્રત્યે પોતાની શું ફરજ છે તે, બિલકુલ જાણતા નથી. સ્વાત્મા શું અને પરમાત્મા શું, હું કોણ છું, શા માટે પેદા થયો છું, જીવ અને દેહમાં શું અંતર, મુવા પછી મારી શી ગતી થશે, સાર અને અસાર વસ્તુ તે શું, નીતિ શાસ્ત્રમાં શું કરવાનું કહ્યું છે અને શું નહીં કરવું તેનો કાંઇ પણ ઊંડા ઉતરીને વિચાર કરતા નથી અને પછી જ્યારે એ બાબતનું જ્ઞાન સંપાદન કરવાને માટે ઉપદેશ કરવામાં આવે ત્યારે સોબતની અસરથી જે નઠારા વિચાર પેસી ગયા હોય તે નિકળવા મુશકેલ થઇ પડે. સારા વિચાર મનમાં ઉતરે નહીં, મન ગમતી આશંકાઓ કાઢયા કરે અને મનસ્વી વિચારથી પોતાની વર્તણુંક ચલાવે. એમાં આઠ બી વાત ધ્યાનમાં રાખવાની છે કે મનનું વલણ નઠારી વસ્તુ તરફ જલદીથી ચોંટી જાય છે, અને સુકૃતો તરફ ચોંટતાં વાર લાગે છે.

ધર્મજ્ઞાન આપવા અને નીતિ શિખવવા વિશે.

'સોબતે અસર અને તુકમે તાસીર' એ કેહેવત મુજબ છોકરાંઓને નિશાળમાં અને નિશાળની બાહાર જે જે પ્રકૃતીના અને સ્વભાવના માણસોની સોબત થઈ હોય તે તે માણસોની પ્રકૃતી અને સ્વભાવ પોતામાં આવ્યા હોય તે કાઢવા બહુ કઠણ થઇ પડે છે. સરકારી ગુજરાતી અને અંગરેજી નિશાળોમાં ધર્મ સંબંધી બાબતો મુળમાં શિખવવામાં આવે નહીં અને ત્યાં બધી વાર્ણના અને ધર્મના છોકરાં ભણવા આવે તેથી તે વિષય શિખવવો પણ નહીંજ જોઇએ—તેવે ઠેકાણે એવી નિશાળોમાં તદન બાહારનું જ્ઞાન કથવામાં આવે તેમાં વિદ્યાર્થીઓ પોતાના સ્વધર્મની વાત શું જાણે! ત્યાં શિખવનાર શિક્ષા ગુરૂ ગમે તે ધર્મનો માણુસ હોય અને ગમે તેવા આચરણવાળો હોય તે શિખવવામાં પોતાની પ્રકૃતી અને સ્વભાવને અનુસરતી વાતો કરે, તે વાતો બાળપણુથી છોકરાંઓના મગજમાં પેસી ગઇ હોય તે મોટપણમાં નિકળવી મુશકેલ થઇ પડે. મિસ્ટર હોપની રચાવેલી વંચકની સાતે ચોપડીઓ નિશાળમાં દાખલ થતા અગાઉ તો સરકારી નિશાળોમાં બોધ વચન, લઘુ હિતોપદેશ, બોધ કથા, સત્ય નિરૂપણ, નિતિ દર્પણ, શાળોપયોગી નિતિ ગ્રંથ, ઇસપ નીતિ, પંચોપાખ્યાન વગેરે નીતિને સુધારનારી ચોપડીઓ શિખવવામાં આવતી તેથી તે વખતમાં જેઓ સરકારી નિશાળમાં દાખલ થઇ વિદ્યાભ્યાસ કરતા તેઓ નીતિમાન પુરૂષો થતા, હાલમાં જે દુરગુણો હાલની નવી પ્રજામાં દીઠામાં આવે છે તે તેઓમાં નથી અને નહોતાં આવતા, પણ આજ તો એ માંહેલી એક પણ ચોપડી શિખવવામાં આવતી હોય એમ મારા જાણુ

વામાં નથી અને તેથી ભણનારાં છોકરાંઓ ફક્ત સંસારિક જ્ઞાન સંપાદન કરે છે અને પોતાના દેહાત્માનું જ્ઞાન મેળવ્યા વગર દુર્લભ એવો જે મનુષ્યાવતાર તે મિથ્યા ગુમાવી નાંખે છે અને પાછો ચોર્યાશીના ફેરામાં પડે છે. માણસનો દેહ દુર્લભ કે હેવાય છે, એટલા માટે, કે તે વારંવાર પ્રાપ્ત થતો નથી અને વળી ક્ષણભંગુર છે,—આજ છે ને કાલે નથી.

આટલી વાત યાદ રાખવી કે જેમ એક વાંસણ છલોછલ પવિત્ર કે અપવિત્ર પાણીથી ભરેલું હોય અને પછી તેમાં બીજુ પાણી ભરવા જઇએ તો તે અંદર માઇ શકતુ નથી, તેમ વાંસણને ઠેકાણે માણસનું મગજ અને પાણીને ઠેકાણે જ્ઞાન લઇએ તો મગજરૂપી વાંસણમાં એક વાર જ્ઞાન રૂપી પાણી—પછી સારૂ કે માઠું—ભરાઇ ગયું હોય તે નિકળવું મુશકેલ થઇ પડે. જ્યારે તે જ્ઞાનના કરતા કાંઇ વધારે બળવાન જ્ઞાન જોર કરે તોજ અંદર ભરાયલું જ્ઞાન નીકળીને બળવાન જ્ઞાન પ્રવેશ કરે. એ મુજબ બાળપણમાંથી જે વાત મગજમાં ભરાઇ ગઇ હોય તે નિકળવી મુશકેલ થઇ પડે છે, તેને કાઢતાં ઉપરથી બહુ જોર કરવું પડે છે અને જોર કરતાં પણ છેક તળીયા ઝાટકથી નિકળી જતું નથી. જયારે નવી વાત વધારે બળવાન થાય અને જુની વાતને ખોટી પાડે ત્યારે જુની વાત પેટમાંથી નિકળી જાય તોપણ થોડોક મેલ તો રેહેજ રેહે. વળી કહે છે કે કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ નમે, કઠણ થયા પછી નમતું નથી તેમ માણસનું બાળપણ છે તે કુમળા ઝાડની માફક છે માટે માણસને તેના બાળપણમાંથીજ જેમ ભણાવીએ તેમ ભણે, તેનું મન જેમ વાળીએ તેમ વળે પણ પાકટ થયા પછી ભણે નહીં અને તે

નું મન વાળ્યું વળે નહીં. પાકટ થાય ત્યારે તો તે અને તેની આપે તેનું મન કઠણ ઝાડના જેવાં થઇ જાય ને પછી વાળવા જઇએ તો ભાંગી જાય. માટે દરેક માબાપની ફરજ છે કે તેઓએ પોતાનાં છોકરાંઓને બચપણથીજ પોતાનો સ્વધર્મ અને નીતિ શિખવવી જોઇએ, અને તે શિખવ્યા છતાં પણ જો તે મોટપણમાં ખરાબ સોબતની અસરથી બગડી જાય તો પછી તેના પ્રારબ્ધની વાત છે, તેમાં માબાપનો વાંક નિકળશે નહીં; પણ મુળથીજ શિખવવું નહીં અને તેના પ્રારબ્ધના ઉપર આધાર રાખી બેસી રહેવું એમાં તો માબાપની ભુલ ગણાશે. શાસ્ત્રમાં પણ કહયું છે કે : —

કૌમાર આચરેત પ્રાજ્ઞો ધર્માન ભાગવતા નિહ ॥
દુર્લભં માનુષં જન્મ તદ પ્યધ્રુવ મર્થદમ ॥ ૧ ॥

જે જ્ઞાનવાન સમજુ હોય તેણે આ લોકમાં કુમાર વયથીજ શ્રવણ કીરતન આદીક ભાગવત ધર્મનું આચરણ કરવું; કેમકે મનુષ્યનો જન્મ દૂર્લભ હોવાથી તે અસ્થિર છે તોપણ ધર્મ આદી સકળ પુરૂષાર્થને આપનારો છે.

પણ કેટલાક લોકો એમ પુછશે કે કુમાર વયથીજ—બાળપણથીજ—શા માટે ધર્મનું આચરણ કરવું; મોટપણે સઉ થઇ રહેશે, ઘરડા થઇશું ત્યારે એજ કામ કરવું છે કેની? ત્યારે તેને માટે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે : —

કથં પ્રિયાયા. અનુકં પિતાયા:.
સંગં રહસ્યંસ. રૂચિરાંશ્ચ મંત્રાન. ॥
સુહૃ સૂચ સ્નેહવશા: શિશૂનાં,
કલાક્ષરાણા, મનુરક ચિત્ત: ॥

અર્થ—એમ કુમાર અવસ્થાથી ભાગવંત ધર્મનું આ ચરણ કરવાનું કારણ એવું છે કે, આગળ યુવાવસ્થામાં અતી પ્રેમાસ્પદ થયલી ભાર્યાનો એકાંત સંગ, તેનું પ્રિયમંત્ર (ગુપ્ત વિચાર), તેમજ સંબંધી કિંવા મિત્ર પુત્ર એઓના ઉપર સ્નેહ અને બાળકોની અસ્પષ્ટ (બોબડી) મધુર વાણી એ વિષયોમા આશક્ત થયા તો પાછળથી આ દુરંત મોહમાંથી મુક્ત થવાને કેમ સમર્થ થશે? એટલા માટે એ બંધનમાં પડયા અગાઉજ તેણે કુમાર વયથી ભાગવત ધર્મનું આચરણ કરવું.

સ્ત્રી કેળવણી વિશે.

હાલનાં કેટલાક લોકોનું કેહેવું એવુંછે કે છોકરાઓને ભણાવવા એ તો ઠીકજ છે, પણ પુત્રીઓને ભણાવવી જોઈતી નથી, કેમ કે તેને ભણાવવાથી તે બગડી જાય છે. ભણાવવાથી બગડી જાય છે એ ખોટું કારણ છે. છોકરીઓને ભણાવવાથી ઉલટી તે સુધરે છે અને તે જાતે સુધરે છે એટલુંજ નહીં પણ તેનાથી પેદા થયલી પ્રજા પણ સુધરતી જાય છે; એટલાજ માટે હું સ્ત્રી કેળવણીની તરફદારીમાં છઊં. સ્ત્રીઓને ભણાવવી એ ધર્મ શાસ્ત્રથી પણ ઉલટું નથી. પૂર્વે પણ સ્ત્રીઓ વિદ્યાભ્યાસ કરતી હતી. સીતા, સરસ્વતિ, રૂક્ષ્માણી, મીરાંબાઇ, અને દ્રૌપદી વગેરે સ્ત્રીઓએ વિદ્યાભ્યાસ કીધો હતો, અને વળી તેઓ ધર્મિષ્ટ હતાં, આજે પણ આપણે લોક તેઓને સતી કહીએ છીએ. શ્રાવક જ્ઞાતીની સ્ત્રીઓ તો મૂળથીજ ભણતી આવે છે અને આજે પણ ભણી ગણીને ધર્મ પુસ્તકો વાંચે છે. હવે હાલમાં ઘણી સંખ્યા નથી ભણતી, તોપણ એ લોકોમાં સ્ત્રીઓને ભણાવવાનો બાધ છે

એમ નથી. ભણાવવાથી સ્ત્રીઓ બગડતી નથી અને બગડવા ની હોય તો વગર ભણેલી સ્ત્રીઓ ક્યાં બગડતી નથી? મોહોલ્લે મોહોલ્લે અને ચકલે ચકલે તપાસ કરોની; કેટલીએ વગર ભણેલી સ્ત્રીઓ ખાનગી કારખાનાઓ માંડીને બેઠી છે! ચકલામાં દુકાન માંડીને બેઠેલી નાયકાણીઓ—રાંડો પણ હવે તો બુમ મારે છે કે હમારો ધંધો ગૃહસ્થના ઘરની વાણીયણો અને બ્રાહ્મણીઓ લઇ બેઠી છે, અને હમારા પેટપર પગ મુક્યો. અપશોશ!! કોઇ કોઇ માણસ તો એમ કેહે છે કે લખતા વાંચતા આવડે છે તેથી સ્ત્રીઓ મરદના ઉપર પ્રીતિના પત્રો લખે છે અને મરદો તરફથી લખાઇ આવેલા વાંચે છે અને પછી ધીમે ધીમે બંનેની વચમાં યારી બંધાય છે, માટે સ્ત્રીઓને લખતા વાંચતાં શિખવવુંજ નહીં પણ યારી કાંઇ કાગળ પત્રોથી બંધાય છે એમ નથી. સ્ત્રીપુરૂષોના મન કટાક્ષમાં—આંખના પલકારામાં સમજાઇ જાય છે. 'ચંચળ નારીકા નૈન છુપે નહીં' એમ ગંગ કવી કહી ગયો છે અને તે મુજબ સ્ત્રીના મનનું વલણ તેની આંખ ઉપરથી પરખાઇ જાય છે. આ ઉપરથી એટલું તો જણાય છે કે સ્ત્રીઓ કાંઇ ભણવાથી બગડતી નથી. લખતાં વાંચતા આવડે એ એક તેના હાથમાં સાધન આવે છે ખરૂ, પણ લખતા વાંચતા આવડ્યું એ કાંઇ ભણતર નહીં કેહેવાય. હાલમાં કન્યાશાળાઓમાં જઇ જે થોડું ઘણું છોકરીઓ શિખે છે તે કાંઇજ કામનું નથી; અને એવું જેવું તેવું શિખ્યા પછી છોકરીઓ સોબતની અસરથી બગડે તેને કેળવણી લીધાથી બગડી એમ કહી કેળવણીના ઉપર દોષ મુકવો એ અવિચારપણું છે. હાલમાં કંન્યાશાળાઓમાં

જે ચોપડીઓ શિખવવામાં આવે છે તે સ્ત્રીઓને કેળવણી આપવાને બિલકુલ નકામી છે. કંન્યાશાળાને માટે તદન જુદીજ વંચકની ચોપડીઓની જરૂર છે. નીતિને માર્ગે કેમ વરતવું, પોતાના સ્વામી પ્રત્યે કેવી વર્તણુંક ચલાવવી, બાળકોની માવજત કેમ કરવી, અને તેને કેવી સોબતમાં રાખવા, સારી રસોઇ કેમ કરવી તેને માટે પાકશાસ્ત્ર જેવા ગ્રંથો વાંચવા, જુદી જુદી જાતનું ભરત કામ શિખવું, ઘર કેમ ચલાવવું, ઘર ખરચ રાખતા શિખવું, સાસુ સસરા અને નાણંદ જેઠાણી જોડે કેમ વરતવું, એ સઘળું મુખ્યત્વે કરીને બાળકીઓને શિખવવાનું છે.

માબાપની પેહેલી ફરજ વિશે સાધારણ વિચાર.

ત્યારે માબાપની પેહેલી ફરજ તો એજ છે કે પોતાના છોકરા છોકરીઓને પ્રથમ તો ઇશ્વર પ્રત્યે ધર્મ સમજાવવો, શા માટે પેદા થયા છે, સંસારમાં શું કામો કરવાં ને શું ન કરવાં, મુવા પછી શી ગતી થશે, મનુષ્યનો દેહ ક્ષણભંગુર છે ઇત્યાદિ બાબતોનું જ્ઞાન આપવું. જે જે લોકો પોતાના બચ્ચાંને તેની બાલ્યાવસ્થાથી એવો બોધ કરે છે તેનાં બચ્ચાં યુવાવસ્થામાં નાસ બુરાડતા નથી ને તેઓ કેળવણીને દોષ દેવાડતા નથી. શ્રાવક લોકો પોતાનાં છોકરાંઓને નાની ઉમ્મરમાંથી ધર્મ જ્ઞાન કરાવે છે તેથી તેનાં છોકરાં સ્વધર્મમાંથી પડતા નથી, સ્વામિનારાયણના પંથમાં પણ માબાપ અને ગુરૂઓ ઉપદેશની વાતો કરતા રેહે છે તેથી તેનાં બચ્ચાંઓ પણ સ્વધર્મ છોડતા નથી અને સદગુણી નીવડે છે. હાલમાં કેટલાક ઉંચી કેળવણી લીધેલી એવાં વિદ્વાનોની સહાયતાથી કેટલેક

ઠેકાણે પ્રાર્થના સમાજો અને એવીજ મંડળીઓ ઉભી થઇ છે ત્યાં અમુક અમુક દીવસે ઉપદેશી વ્યાખ્યાનો કરવામાં આવે છે તેથી હાલના યુવાનોમાં સુધારો થવાની અને નવી પ્રજામાં નીતિનો પ્રકાશ થવાની આશા બંધાતી જાય છે. એવી રીતે જ્યાં જ્યાં ઉપદેશની વાતો થતી રેહે છે, જે જે લોકો ઉપદેશની વાતો સાંભળે છે, જેનાં માબાપ પોતાનાં બચ્ચાંઓને કડવું મનાવીને પણ ચાર સારી વાતો સાંભળવા સદગુરૂ પાસે મોકલે છે ત્યાં ત્યાં અને તે તે લોકો પછી બાળક હો કે વૃદ્ધ હો, સ્રી હો કે પુરૂષ હો—તે બગડતા નથી અને કુમાર્ગે ચાલતા નથી. આજ તો ઉપદેશના દેનારા પણ મળે નહીં અને જેઓ પોતાને ઉપદેશક કેહવડાવે છે—ગુરૂ થઇને બેસે છે તેઓ જાતેજ કુમાર્ગે ચાલે અને માબાપ પણ દરકાર કરે નહી ત્યારે ઉગતા છોકરાં—નવી પ્રજા—દુરાચરણી નિકળે તેમાં શી નવાઇ? જેનાં માબાપ પોતેજ "ઉડયા કે બોળી ચોટી ને લીધી રોટી", એ મુજબ વરતે તેના છોકરાં તે વળી કેવાં ઉઠે? તે પોતાના સ્વધર્મની વાત શું જાણે અને પોતાનું કલ્યાણ પણ કેમ કરી શકે! કેટલાક લોકો—સ્રી અને પુરૂષો—મંદીરમા કે દેરે કે ઊપાશ્રયે જઇને જે જે મહારાજ કરી આવે છે અને ફકત એટલુંજ કીધામાં તે એમ સમજે છે કે હમે હમારા આત્માનું કલ્યાણ કરીએ છીએ. પણ ફકત એટલુંજ કીધાથી કાંઇ કલ્યાણ થતું નથી. ઉપદેશકો પાસે બેસી દરેક માણસે પોતાનો ધર્મ સમજવો જોઇએ અને ધર્મ સમજવો એ કાંઈ ઘેર બેઠા પુસ્તકોના પાના ઉથલાવવાથી સમજાતો નથી. એ તો પોતા કરતા કોઇ વધારે જ્ઞાનવાળા પાસે બે-

સી સમજવાથી સમજાય છે. એક કવી પોતાના એક કવીતમાં પણ લખી ગયો છે કે 'ગુરૂ બિન મિલે નહી જ્ઞાન'. વળી ગુરૂ છે તે કર્ણધાર (ખલાસી) છે. મનુષ્યને આ સંસાર રૂપી સમુદ્ર તરવાનો છે, તેથી વાહનમાં બેસીએ અને તે વાહનને કોઇ ચલાવનાર હોય તો સંસારરૂપી સમુદ્ર તરી જવાય. ત્યારે ગુરૂ છે તે એક ખલાસી રૂપે છે માટે દરેક માણસને ગુરૂની જરૂર છે અને વળી તે ગુરૂ કેવા જોઇએ તો કે સુકા તુમડા જેવા જોઇએ. સુકું તુમડું હોય તોજ તે તરે અને બીજાને તારે. લીલાં તુમડાં પોતે બુડે અને બીજાને પણ બુરાડે. મારા કેહેવાની મતલબ એ છે કે ગુરૂ એવા કરવા કે જેઓએ પોતાની ઇંદ્રીઓને દમન કરીને સદગુણ પ્રાપ્ત કીધા હોય. જે ગુરૂઓ પોતાની પાંચે ઇંદ્રીઓ મોકળી રાખતા હોય અને એશ આરામમાં નિમગ્ન રેહેતા હોય તે ગુરૂઓ લીલાં તુમડાં જેવા છે માટે તેવા ગુરૂઓના બોધથી કલ્યાણ પોતાનુંજ નથી થતું તો તેઓ બીજાનું શું કરે? સદગુરૂઓની સંખ્યા જેમ ઘણુ કરી સઘળા માર્ગોમાંથી ઓછી થઇ ગઇ છે તેમ શ્રાવકોમાંથી ઓછી થઇ ગઇ છે અને તેથી જરાક ઉપદેશની વાતો શ્રાવકોમાં પણ કેટલેક દરજે ઓછી થઇ ગઇ છે. જે સેહેજસાજ જળવાઇ રહયું છે તે સારા વિચારના માબાપોની સારી શિખામણથીજ, બાકી એ જ્ઞાતીમાં પણ પુરૂ અંધેર વળી ગયું હોત.

પણ હવે કોઇને એવી આશંકા ઉઠે કે બાળપણથીજ પાંચ સાત વરસની ઉમ્મરનું બચ્ચું થયું ત્યારથી તેને ધર્મ શિખવવા માંડીએ અને ધર્મ જ્ઞાન આપવા માંડીએ તો

તેને તૈયાર થતા કેટલી બધી મુદત લાગે અને તે મુદત વિત્યા પછી આ અલ્પાયુષ્ય કાળમાં તે દુનિયાદારીનું શું ભણે? તો એને માટે એટલોજ ઉપાય છે કે તે બાળકને સવારના પોહોરમાં આસરે એક કલાક ધર્મ જ્ઞાન આપવું અને તે કારણસર ધર્મોપદેશકનો સમાગમ કરાવવો ને ત્યાર પછીના વખતમાં દુનિયાદારીનું શિખવા માટે નિશાળે મુકવો. અગર એમ કરવું નહીં ફાવે તો દરેક ધર્મવાળાઓએ—જુદા જુદા પંથના સેવકોએ કેટલાક પારસી લોકોની માફક પોત પોતાની નિશાળો સ્થાપવી અને ત્યાં પંડીતોને રાખી તેઓની મારફત વિદ્યાભ્યાસ કરાવવો; જેથી એવી નિશાળોમાં છોકરાંઓ પોતાના ધર્મના પણ મુળતત્વો શિખે ને દુનિયાદારીનું પણ જ્ઞાન સંપાદન કરે. મરહુમ સર જમશેદજી જીજીભાઇએ કેટલાક નગરો અને ગામોમાં પોતાની કોમના છોકરા છોકરીઓને માટે નિશાળો સ્થાપી છે ત્યાં બીજા શિક્ષાગુરૂઓની સાથે એકેકો ધર્મોપદેશ કરવા સારૂ અધ્યારૂ પણ રાખેલો હોય છે અને તે અમુક વખત સુધી ધર્મ જ્ઞાન છોકરા છોકરીઓને આપે છે, એથી તે નિશાળમાં જઇ જેઓ વિદ્યાભ્યાસ કરે છે તેઓ પોતાનો સ્વધર્મ પણ સમજે છે. આવી રીતની માબાપોની તરફથી પોતાના છોકરાંઓને માટે કોશીશ થાય તો પછી હાલ જેમ વગર કારણે રાજ્ય અને રાજ્ય ભાષાને અને રાજ્યરીત મુજબ કેળવણી અપાય છે તેને દોષ દેવાનું કાંઇ પણ કારણ રેહેશે નહીં. છોકરાંઓને ધર્મ સંબંધી અને સંસારિક જ્ઞાન આપવું અપાવવું એ માબાપની સઉથી પેહેલી ફરજ છે. કેટલાક લોકો—તેમાં વિશેષ કરી ધનવાન લોકો

જેઓ પોતાનાં બાળકોને લાડમાં ઉછેરી મોટા કરે છે અને બિલકુલ વિદ્યાભ્યાસ કરાવતા નથી અથવા હુન્નર કળા શિખવતા નથી તેવા માબાપને શત્રુ સમાન જાંણવા. મેં આગળ કહ્યુંજ છે કે પૈસો ચળિત પદાર્થ છે, તે આજે છે ને કાલે નથી તેથી જ્યારે તે પૈસો જાય છે ત્યારે અપઢ—અભણ માણસને પોતાનું પેટ પોષણ કરવું પણ મુશ્કેલ થઇ પડે છે માટે ગમે તેવી સારી સ્થીતિમાં હોવાં છતાં દરેક માબાપનો ધર્મ છે કે તેઓએ પોતાનાં છોકરાંઓને વિદ્યા અને હુન્નરકળા શિખવવી. વિદ્વાન માણસને રોટલો પેદા કરવો કઠણ નથી તોપણ વિદ્વતાની સાથે જે માણસ સદાચરણથી ચાલે છે તેને પરમેશ્વર પણ તેના દરેક કામમાં સહાય થાય છે અને સદાચરણથી ચાલવું એ ધર્મ જ્ઞાન સંપાદન કીધા વગર થતું નથી. એક સંસ્કૃત જાણનાર કવી કેહે છે કે

द्वौ द्वौ लोचन सर्वनां, विद्यानां त्रिलोचनम् ॥
सप्त लोचन धर्मनां, ज्ञानि अनंत लोचनं ॥

બન્ને આંખો તો સર્વને છે, પણ જે વિદ્યા સંપાદન કરે છે તેને વિદ્યારૂપી ત્રીજી આંખ છે. વળી જે ધર્મ સમજે છે તેને સાત આંખો છે અને જે જ્ઞાની છે તેને તો અનંત આંખો છે. તેની આંખોનો તો કાંઇ પારજ નથી. એટલા માટે વિદ્યા ભણવી, ધર્મ સમજીને ધર્મીષ્ટ થવું અને જ્ઞાન સંપાદન કરી જ્ઞાની થવું જોઇએ. હિતોપદેશ નામના ગ્રંથમાં લખ્યું છે કે

विद्वत्त्वंच नृपत्त्वंच, नैव तुल्यं कदाचन ॥
स्वदेशे पुज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥

વિદ્વતા અને રાજાપણું કદી પણ એક સરખાં ગણાતાં નથી. કેમકે રાજા તો ફકત પોતાના મુલકમાં પુજાય છે અને વિદ્વાન માણસ તો જ્યાં જાય ત્યાં તેની સેવા ચાકરી થાયછે. માટે વિદ્વાન માણસને તો રાજા કરતાં પણ વધારે ગણેલો છે, વળી એક પ્રાકૃત કવી કેહે છે કે

વિદ્યા ભણે તો વિદ્યાર્થી ॥ વિદ્યા સરખો પદાર્થજ નથી ॥
વિદ્યામાં છે મોટો સાર ॥ ઉંચકતા નવ લાગે ભાર ॥
નહી છેડેથી છુટી પડે ॥ વિદ્યા નહી તે નર શું કરે ॥
ભણ્યા ગણ્યાની ઇજત ઘણી ॥ વગર ભણ્યાને હીણપત ઘણી ॥
તે માટે તમે ભણજો સહુ ॥ ભણે રોટલા ખાશો બહુ ॥

એક સંસ્કૃત કવી લખે છે કે :—

येषां नविद्या नतपो नदानं,
ज्ञानं नाशिलं नगुणो नधर्मः
ते मृत्यु लोके भुविभारभूता,
मनुष्य रूपेण मृगाश्चरंति.

અર્થ—જે લોકોમાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી તે લોકો આ મૃત્યુ લોકને વિશે મનુષ્યનો વેશ ધારણ કરી પૃથ્વીના ઉપર ભાર મુકનારા જનાવરો જેવા રખડતા ફરે છે.

વળી વિદ્યા એજ માણસનું પ્રસીધ્ધ સ્વરૂપ છે, એ મા-

ણુસનું અંતર ધન છે, અને વિદ્યાએ કરીને ભોગ, યશ તથા સુખ મળે છે. સઘળી શ્રેષ્ઠ વસ્તુમાં એજ શ્રેષ્ઠ વસ્તુ છે. તેમજ ભાઇબંધ મિત્રોમાં તથા પ્રદેશમાં એ વિદ્યાજ રક્ષાણુની કરનારી છે. એટલા માટે રાજાઓ જેટલી ધનની પુજા કરતા નથી તેટલી વિદ્યાની ઉત્તમ રીતે પુજા કરે છે. એ કારણુને લીધે વિદ્યા હીન પુરૂષને પશુ સરખો જાણુવો.

માટે હે સજ્જનો,—દેશી જનો; ઊંચ કે નીચ, નાના કે મોટા, ગરીબ કે તવંગર, રંક કે રાય, હીંદુ, મુસલમાન' પારસી વગેરે આર્ય અનાર્ય ગમે તે કોમના અને ધર્મના મારા બંધુ જનો ઉપર કહેલી વાત પર નજર રાખી હું સંક્ષેપમાં કવિતા રૂપે માબાપની પેહેલી ફરજનું પુનરાવર્તન કરૂ છું તે ગોખી રાખી તે પર વિચાર કરતા રેહેશો એવું હું માગી લઉ છઊ.

માબાપની પેહેલી ફરજનુ પુનરાવર્તન કવિતામા.

શિખ ધરો સઉ કાન, સજનો,
શિખ ધરો સઉ કાન ॥ ટેક ॥
સુત સુતા જો હોય તમોને,
આપો ધર્મનું જ્ઞાન ॥ સજનો ॥૧॥
ધર્મ જ્ઞાનની સાથેજ વિદ્યા,
ભણાવવી એ પ્રમાણ ॥ સજનો ॥૨॥
હુન્નર કળામા પ્રવિણ થવાને,
પડવા દો મેદાન ॥ સજનો ॥૩॥
વિદ્યા હુન્નર કળા શિક્ષનથી,

સેહેલું છે ગુજરાન ॥ સજનો ॥૪॥
એથી મળે છે ખાન પાન ને,
આદરમાન નિદાન ॥ સજનો ॥૫॥
પીતા થઇને પુત્ર પોતાના,
શિખવે નહીં નાદાન ॥ સજનો ॥૬॥
એવા માત ને તાતને જાણો,
ખરે શત્રુ સમાન ॥ સજનો ॥૭॥
છોકરાં પ્રત્યે પેહેલી ફરજ એ,
માત પીતાની માન ॥ સજનો ॥૮॥
પરમેશ્વર પણ રાજી થાશે,
અદા કરો ફરમાન ॥ સજનો ॥૯॥
બાળકને સ્વચ્છંદે ચલાવી,
દોષ દેશો—ન સુજાન ॥ સજનો ॥૧૦॥
રાજ્યને રાજ ભાષા નીતિને,
વગોવવી અગનાન ॥ સજનો ॥૧૧॥
એજ વિનંતી "સુત પ્રભુની,"
ધરો ધ્યાન કરી ગાન ॥ સજનો ॥૧૨॥

બાળવિવાહ વગેરે લગ્નની બાબત વિશે.

છોકરીઓને પરણાવવી—માબાપે ખરચ કરીને પરણાવવી એ તો ઠીક છે, પણ છોકરાઓને પરણાવવા એ કાંઇ માબાપની ફરજ નથી. છોકરાઓ જ્યાં સુધી આપ બળે પરણે ત્યાં સુધી વધારે સારૂ છે. એક કવી બોલી ગયો છે કે

ચલનો ભલો ન કોસકો ॥ દુહીતા ભલી ન એક ॥
મંગનો ભલો ન તાતસો ॥ જો કદી પ્રભુ રાખે ટેક ॥

તે સર્વ શક્તીમાન પરમેશ્વર જો આપણી ટેક જાળવે તો બાપ પાસેથી એક દોકડો પણ માગવો નહીં. બાપ પાસે માગવું અને બાપની પુંજીએ પરણવું એમાં કાંઇ બહાદુરી નથી. બહાદુરી તો પોત પોતાની મેળે પેદા કરવું અને તે પુંજીએ પરણવું એમાજ છે. કેહેવત છે કે "આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં" "પારકી આશ ને સદા નિરાશ". એટલું બધું છતાં પણ બાપ પોતાની પુંજી ખરચી પરણાવે તો તેમાં કાંઇ દુષણ ભરેલું નથી તોપણ એ માં માબાપે ઘણી અગમચેતી રાખવી જોઇએ. પોતાની પુંજી ખરચીને છોકરાંઓને બાળપણમાં પરણાવવાથી પાછળથી ઘણીક વાર માબાપને અને છોકરાંઓને પસ્તાવાનું થાય છે. બાળપણમાં પરણાવ્યા પછી કોઇ આંધળું, કોઇ બેરૂ, કોઇ કાંણું, કોઇ કુબડું, કોઇ નપુંશક, કે કોઇ હીજડું નીકળે તો પછી વાંણીયા બ્રામણના પાણીએતમાં રોજ લડાલડી અને ધબંધ્રમા ચાલે. વળી માણસ માત્ર—સ્ત્રી કે પુરૂષ—તેના સ્વભાવની પરીક્ષા સેહેજ સહવાસથી થતી નથી; ઘણે સહવાસે થાય છે. કેહેવત છે કે "માણસ જોવું વસી અને સુન્નુ જોવું કસી" તેમ માણસની પરીક્ષા તેની સાથ લાંબા કાળ સુધી વસવાથી થાય છે. એ શિવાય જે છોકરાને આપણે પરણાવવા સારૂ કાઢીએ છીએ તે છોકરો પરણ્યા પછી લાયક ઉમરે થયેથી પોતાનું અને પોતાની બાયડી તથા છોકરાંઓનું પુરૂ કરી શકે એવો કાંઇ હુન્નર અથવા વિદ્યા શિખ્યો છે કે નહીં અને

નથી શિખ્યો તો તે તેનું શી રીતે ગુજરાન ચલાવશે એ વાતનો પણ દરેક માબાપે વિચાર કરવો જોઇએ. આપણા લોકો બાળપણમાં પરણાવી સજોડું બાંધી મુકે તેમાં તેઓ એ બાબતનો શું વિચાર કરતા હશે તે હું સમજી શકતો નથી. એ અને એવાંજ બીજા કારણો જે હું હવે પછી સંક્ષેપમાં કેહેવા માગુ છું તેણે કરીને નાનપણમાં પરણાવ્યા પછી વધુ વરને બનાવ નહીં આવ્યો તો આપણ લોક જે સજોડું બાંધી તેને સુખ ઇચ્છીએ છીએ તેને બદલે એવાં સજોડાં ઉલટા દુ:ખદાયી થઇ પડે છે. વારૂ કેહો, બાળપણમાં લગ્ન કરવાથી માબાપને શું શું મોટા લાભ પ્રાપ્ત થાય છે? હું કહું છું કે ખરૂં પુછાવો તો એક પણ લાભ એમાં નથી. હા, આટલી વાત ખરી છે કે માબાપ જલદીથી સાસુ સસરા બનીને માહાલવાનો એક લાહાવો તો લે છે પણ એ લાહાવો શું મોડો વેહેલો નથી મળતો? ઘણીવાર ડોસા ડોસીઓ એવો વિચાર કરે છે કે વારૂ આપણે ઘરડાં થયા છીએ તેથી આપણો પૌત્ર અથવા પૌત્રી આપણી આંખ આગળ પરણે તો આપણી આંખ ટાહાડી રેહે તેથી ડોસા ડોસી પોતાના છોકરાને અથવા છોકરીને સમજાવી બાળકોને બાળપણમાં પરણાવી દે છે. બાળકોની મા અથવા બાપ પણ ઘણીવાર એવાં વિચાર કરે છે કે વારૂ મારા બાપ અથવા મા જીવે છે તો તેઓની આંખ આગળ છોકરાંઓને પરણાવીએ તો ઘરડાં માબાપ કાંઇ લાહાવો તો લે. ઘણીક વાર સ્ત્રીની હઠીલાઇથી બીચારો તેનો ધણી મરજી નહીં છતાં બાળપણમાં છોકરાંઓને પરણાવવા કાઢે છે; પણ આ સઘળી વેળાએ આપણા આ શૈકાના—આ

જમાનાના લોક ફક્ત લાહાવો લેવાની ઘેલછામાં બાળકોના ભવિષ્યના સુખ તરફ વિચાર નથી કરતા એ જોઇ મને ભારે સંતાપ લાગે છે. આપણા લોક છે તો ડાયા, દીર્ઘ દ્રષ્ટીવાળા, અને ઘણા વિચારવંત પણ આ બાળલગ્ન કરવાની બાબતમાં કોણ જાણે કેમ અવિચારપણાનું પગલું ભરે છે? આ સંસારમાં દરેક સ્રીપુરૂષને સઉથી વાહાલામાં વાહાલા પોતાના ફરજનો છે; સઘળા સગા સંબંધી, સઘળા મિત્રો, અને સઘળા હિતેચ્છુઓ સાથ મુકાબલે મુકતાં આપણને વધારે વાહાલાં આપણાં બચ્ચાંઓ છે. પછી તેઓ ગમે એવા ખોડ ખાંપણવાળા હો અને કદરૂપા હો તેની આપણે દરકાર કરતા નથી. છોકરાંઓને માટે આપણે લડીએ છીએ, વઢીએ છીએ, દેશ પ્રદેશ વેઠીએ છીએ, રાત દીવસ જાગીએ છીએ અને ગમે એવાં અગત્યના કામ ઊંચા મુકી તેની ઇચ્છાને તાબે થઇ તેના કોડ પુરા પાડીએ છીએ તથા વખતે વખત લાડ લડાવીએ છીએ. કેટલીક બેસમજ સ્રીઓ તો છોકરાંઓ મેળવવાની હોંસમાં નહીં કરવાના કામો કરે છે અને પરમેશ્વરનો ડર ઊંચો મુકી ખોટે માર્ગે ચાલે છે. એવાં જે સઉથી વાહાલાં આપણા બાળકો જેને માટે તે જરાં માદા પડયા તો આપણે કાંકરાંની પેઠે પૈસા ખરચી નાંખીએ છીએ, હીંદુ થઇને કેટલીક સ્રીઓ તો મસીદમાં જઇ કાન ફુંકાવી આવે છે, તાબુતમાં ફકીરાઇ લે છે, નાડાછડી બાંધે છે, અને બીજી જાત જાતની બાધા આખડીઓ આપણ લોક લઇએ છીએ અને પૈસા કરતા વધારે કીમતી ગણીએ છીએ, તેનો ફક્ત લાહાવો લેવાંના ઘડીભર સુખ સારૂ જન્મારો બગાડવો—તેનું ભ-

વિષયનું સુખ જીંદગીનું દુ:ખ કરી આપવું એ શું વાજબી છે? કદી નહી. જો એમ હોય તો તમો તેના વાલ્હેસરી નથી પણ પુર્વ જન્મના દુશ્મન છો. તમો વિચાર કરો કે લગ્નનું કામ કેવું મોટું છે. એના ઉપર તો આખી જીંદગીના સુખ દુ:ખનો આધાર છે, તમો માબાપના કરતાં એ લ્હાવો છોકરાંઓને વધારે લેવાનો છે—ખરો લ્હાવો તેઓનેજ મળવો જોઇએ. ઢીંગલા ઢીંગલી પરણાવો તેમાં તેઓ બિચારા શું લ્હાવો લઇ શકે? એક બજારની વસ્તુ ખરીદ કરવા જાઓ છો તો તમો સાત દુકાને ફરો છો, સારી નરસી કરો છો, મોઘી સોંઘી કરો છો તો આવી મોટી વસ્તુ ખરીદતા શું તમારે સારી નરસીનો વિચાર નહી કરવો જોઇએ? જો એ વિચાર આપણે નહી કરીએ તો આપણને બાળદ્રોહનું મોટું પાપ લાગે છે. સજોડું બાંધતા પેહેલાં દરેક માબાપે અને દરેક ઉમેદવાર વર કન્યાએ આટલી વાત યાદ રાખવાની છે કે વરના કરતાં કન્યાની ઉમ્મર પાંચ સાત વરસે નાની છે કે નહીં. સરખી ઉમ્મરની જોડ બાંધવાથી અથવા વરના કરતાં કન્યાની ઉમ્મર મોટી હોવાથી કેટલાક નુકસાન થાય છે. છોકરીની જાતને ઉકરડાની માફક વધતા વાર લાગતી નથી અને તેથી તે જલદીથી સંસારના સુખ ભોગવવાને લાયકની થઇ પડે છે. એથી કયાં તો ભણતા છોકરાને જલદીથી વિદ્યાભ્યાસ છોડી દેવો પડે છે અથવા જારી રાખે છે તો સ્ત્રીનો સમાગમ કીધાથી તેની સ્મરણ શકતીનું બળ ઓછું થઇ જાય છે, તેથી વિદ્યાભ્યાસ થતો નથી; તેમજ સ્ત્રીને પોતાની લાયક ઉમ્મરે અને ખીલતી જુવાનીમાં વિષય સુખ મળવુંજ જોઇએ અને

જો તે નથી મળતું તો તે હીમાયલી રહે છે અથવા તે વિષય સુખ મેળવવાની લાલચમાં પડી કુચાલ ચલાવે છે અને તેની ખીલતી યુવાવસ્થામાં તેને કુમાર્ગે ચલાવવાને આજે કયાં સ્વચ્છંદી ખીલતા યુવાનોની ખોટ છે? વધુ વરની સરખી ઉમ્મર રાખીને પછી છોકરો ભાણી રેહે ત્યાં સુધી લાયક થયલી સ્રીને સંસાર સુખથી અલ્લગ રાખવી એ મુશકેલીનું કામ છે કેમકે આપણી ગુર્જર કેહેવત મુજબ સ્રીને સાચવવી એ સાપનો ભારો સાચવવા જેટલું કઠણ કામ છે. અરે એ કોઇની સાચવેલી સચવાતી નથી; વખત આવે ત્યારે અંકુર ફુટવા માંડે છે, માટેજ વરના કરતાં કન્યાની ઉમ્મર પાંચ સાત વરસે નાની રાખવાની જરૂર છે. કેટલાક માબાપો પૈસા લેવાની લાલચમાં પડીને અથવા ઊંચ કુળમાં દેવાની ઇચ્છાથી અથવા પૈસાદાર માણસનું ઘર મળવાથી, પોતાની બાળક છોકરીને ઘરડા પુરૂષની સાથે પરણાવે છે. કેહે છેની કે "મીયા થાય ઘર જોગ ત્યારે બીબી થાય ખાટ જોગ". એવું સજોડું બાંધવાથી સ્રીની નીતિને નુકસાન લાગે છે, અને તેને બરાબર વિષય સુખ મળતું નથી; જલદીથી રંડાપાને સ્વાધિન થવું પડે છે, અને માબાપને અથવા વિવાહ કરાવવા વચમાં પડેલા સખસને ગાળો પડે છે. આ તો હંમેશા નિયમજ છે કે બાળ વયની સ્રીને ઘરડી ઉમરના ધણી સાથે વિષય સુખ મેળવવા જેવી મોહોબત બંધાતી નથી. આવી તરેહનાં કજોડાં ઘણા બંધાયા છે, હાલના સુધરેલા મંડળોમાં તે ચરચાયા છે અને ચરચાય છે માટે એવાં કજોડાં ન બંધાય એ વાતનો વિચાર દરેક માબાપે કરવો જોઇએ એટલુંજ નહીં પણ દેશ હિતકારી

પુરૂષોએ તે અટકાવવાને પ્રયત્ન કરવો જોઇએ. ધણીના કરતાં ધણીયાણીની ઉમ્મર નાની એ એક, ધણીયાણીના કરતાં ધણીની ઉમ્મર ઘણી મોટી એ બીજુ અને ત્રીજુ ગુણનું કજોડું થાય છે. આપણા હિંદુ લોકોમાં અનેક જાત અને અનેક ન્યાતો થઇ જવાથી અને ન્યાતોમાં પણ તડ પડી જવાથી વરનો અથવા કન્યાનો વિવાહ કરતી વખતે એક મોટી અડચણ નડે છે, અને તે એ કે વર ત્યાં ઘર નહીં અને ઘર ત્યાં વર નહીં, ભણેલાને ભણેલી સ્ત્રી નહી મળે, પૈસાદારને પૈસાદાર અને ગરીબને ગરીબ ઘર મળતા નથી. વિદ્વાન વરને મુર્ખ સ્ત્રી મળે, અથવા વિદ્વાન સ્ત્રીને મુર્ખ વર મળે તો એમાં ગુણના કજોડાં પણ ઘણીવાર કંકાસ ઉત્પન કરે છે. એનો અટકાવ હાલમાં અસંખ્ય ન્યાતો અને જાતો જુદે જુદે કારણે અને પ્રસંગે થઇ ગઇ છે તેમાં સુધારો થએથી થાય. એ સુધારો આપણા લોકો જ્યાં જ્યાં અને જે જે લોકો સાથે રોટી વ્યવહાર રાખે છે તેઓ સાથે બેટી વ્યવહાર કરે તો સેહેજમાં થઇ જાય એમ છે; અને એમ કરવું ઘણુ અગત્યનું છે. એ ન્યાતો અને જાતો વિશે લંબાણથી બોલવાનો આ પ્રસંગ નથી અને તે મારો આજનો વિષય નથી તેથી હું સંક્ષેપમાં એટલુંજ કહું છઉં કે ગુણના સજોડાં બાંધવાને માટે જ્યાં રોટી વ્યવહાર હોએ ત્યાં બેટી વ્યવહાર કરવો જોઇએ. એમ કરવામાં કાંઇ શાસ્ત્રનું બંધન નથી અથવા ધર્મ ભ્રષ્ટ થવા જેવું નથી. બાળપણમાં પરણાવી કજોડાં બાંધવાથી બીજા પણ ઘણાક નુકશાન થાય છે જેવા કે ધણીયાણી કરતાં ધણી નાનો હોય તો તેનાથી વિદ્યાભ્યાસ થાય નહીં,

કાચી વયમાં સ્ત્રીનો સંગ તેના માબાપ કરાવે, તેથી તેના શરીરનો બાંધો સારો બંધાવાને બદલે ઉલટો તુટી જાય છે, તેનાથી પેદા થયલી પ્રજા નબળી અને શક્તી હીન થાય, રોગીષ્ટ થાય, તેના વિર્યથી પેદા થતાં બચ્ચાં જનમીને થોડા કાળમાં મરણ પામે, કદાચ જીવતા રેહે તો અલ્પાયુષ ભોગવે એવું વૈદક શાસ્ત્રના લખનારા કહી ગયા છે. કવી દલપતરામ ડાયાભાઇ કેહે છે કેઃ—

અપક્વ ફળના બીજને ।। વાવે ફળ નહીં થાય ।।
બીજ બીચારૂ શું કરે ।। ફોકટ મેહેનત જાય ।।

જે ફળ કાચું છે અને જેને પાકું થતા વાર છે તેવા ફળનું કાચું બી લઇને જમીનમાં રોપવામાં આવ્યું હોએ તો તે બીજના તે કેવા ફળ નિપજવાના હતા? ઘણું કરી ફળ થતાજ નથી અને થાય તો નઠારાજ. અપક્વ માવા વગરના થાએ; એવા બીની રોપણી કરવી એ ફોકટમાં મેહેનત કીધા બરાબર છે. એજ મુજબ કાચી વયના યુવાનોના બીજ રૂપી વીર્ય વિશે સમજી રાખવું. જો બાળ લગ્ન કીધા પછી પુરૂષને પાકી ઉમ્મરનો થતા સુધી સ્ત્રીસંગથી દુર રાખવામાં આવે તો ખીલતી જુવાનીમાં આવેલી સ્ત્રી ઘણીક વાર વિષય સુખ નહીં મળવાથી કરમાઇ જાય છે, હીમાયલી રેહે છે અથવા કુસંગ થવાથી તેની નીતિનો ભંગ થાય છે. વળી કદાચ બાળ લગ્ન કીધા પછી કોઇને પેટે બાળપણમાં છોકરાં થયાં તો પછી તે છોકરાંઓની અને તેના બાળ માબાપોની કેટલી બધી ખરાબી થાય છે. નાના નાના બાળકોનું પુરૂ કરવું જોઇએ,

અને ભાઇ સાહેબ તો તેનું ગુજરાન ચલાવી શકે એટલું પેદા કરી શકતા નહીં હોય તેની ફીકરમાં ઝુરે, આમથી તેની સ્ત્રી મેહેણા મારે, છોકરાંઓ કાંઇ નહીં તો કાંઇ માગ્યા કરે, આણીગમથી બચ્ચાંઓની મા પણ ચઉદ પંદર વરશાની નાની ઉમ્મરની હોય તે ઓસડ વેસડ કરવામાં સમજે નહીં, છોકરાંઓની માહાવજત કેમ કરવી તે જાણે નહીં; અને પછી છોકરાંઓ થયા હોય તે દૈવના ઘરની વેઠ સમજવામાં આવે અને નાના છોકરાંઓની મા આ બધી વીટંબનાની રીસ માર પીટ કરીને છોકરાંઓ ઉપર કાઢે. છોકરાંઓના બાપ પણ વળગેલા ખરચથી ગભરાઇને છોકરાંઓને ભણાવ્યા ગણાવ્યા વગર ૧૦—૧૨ વરસની ઉમ્મરમાં ગમે તેવી ચાકરીએ વળગાડી દે એવા વીચારથી કે કાંઇ રળી લાવે તો ખરચમાં નિભાવો થાય. છોકરીઓ હોય તેને જલદીથી પરણાવી કાઢવાની ગોઠવણ કરે અને બાળપણમાં પરણાવી સાસરે વદાએ કરી દે કે જેથી ખવાડવું બચે. કેહેવત છે કે “ધણી ધાડે ખાવા ટળે” તે આનું નામ. બાળ લગ્ન કરવામાં નાના વરને અને નાની વહુને જે વીટંબના ભોગવવી પડે છે તે આ અને એથી જે નુકશાન થાય છે તે ઉપર કહી ગયો છઉ, ત્યારે એ ઉપરથી કહો કે એવાં બાળલગ્ન અને કજોડાં બાંધવામાં માબાપને શું લાભ છે અને વધુ વરના હકમાં શું ફાયદો કરે છે? કાંઇજ નહીં. એટલા માટે બાળલગ્ન કરવાને અટકાવ થવો જોઇએ. મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે અને મારે થોડા અનુભવ ઉપરથી હું એટલુંજ કહું છઉ કે જો બની શકે અને અમલમાં આવે તો આ રીવાજ વધારે સારો છે અને

તે એકે દરેક જન પોત પોતાને પસંદ પડતું સજોડું કરી લે. એ રીવાજ અમલમાં આણવો એ કાંઇ મુશકેલ વાત હોય એમ હું માની શકતો નથી. વળી એ રીવાજ નવો પાડવાનો નથી, તે જુનોજ છે, અને ધર્મ શાસ્ત્રનું ઉલંઘન કરવાનું નથી, એથી તો ઉલટા પાપ થતાં અટકશે. પૂર્વે થઇ ગયલી સતીઓ જેના નામ હિંદુ શાસ્ત્રમા પ્રસિધ્ધ છે જેવી કે દ્રૌપદી, દમયંતી, રૂક્ષમણી, સીતા અને સુગ્રીવની સ્ત્રી તારા એઓએ સ્વયંવર રચીને લગ્ન કીધાં હતાં. પ્રસિધ ઓખાએ ગાંધર્વ વિવાહ કીધો હતો. જૈન મતને માનનારી સ્ત્રીઓ મૈના સુંદરી અને શ્રાણગાર સુંદરી એઓએ સ્વયંવર રચ્યા હતા, જયસુંદરીએ રાધાવેધ કરાવ્યો હતો, ગુંણસુંદરી અને ત્રિલોક સુંદરી ઇચ્છા વરને વરી હતી; પંડીતા, વિચક્ષણા, પ્રગુણા, નિપુણા અને દક્ષા એ પાંચે સખીઓએ જે પુરૂષે તેઓની શમશ્યા પુરી તેની સાથ લગ્ન કીધાં હતાં. આ સઘળી સ્ત્રીઓના નામ શ્રીપાળના રાસમાં પ્રસિધ્ધ છે. આપ સાહેબો ચાડ રાખી ખોળ કરશો તો એવાં બીજા ઘણા દાખલાઓ જડી આવશે. મારે કેહેવાની મતલબ એ છે કે ઇચ્છા વર વરવાનો ચાલ—પસંદ પડતું સજોડું બાંધી લેવાનો રીવાજ નવો નથી. અલબત આટલી વાત ખરી છે કે છોકરા છોકરીઓની પસંદગીને તેઓના માબાપ તરફની પસંદગીની પણ જરૂર તો છેજ કેમકે તેઓ અપકવ વયના પડવાથી તથા ઓછા અનુભવને લીધે અરસપરસના ઘરની જુની વાતોથી, ઓઘે ઉતરતા આવેલા રોગથી અને ઓઘે ઉતરતા આવેલા સ્વાભાવિક ગુણોથી અણવાકફ હોય તેથી માબાપ તરફની સલાહ કીમતી થઇ પડે

અને તેઓની સલાહ લઇ ગંભીરાઇથી વિચાર કરી કામ કરવું એ શાણાં છોકરા છોકરીઓનો ધર્મ છે. લગ્નનું કામ ઘણું મોટું છે, અને આખી જીંદગીના મુખ્ય સુખ દુઃખનો આધાર એના ઉપર રહેલો છે માટે આ મોટું કામ ઘણા વિચારથી કરવું એ દરેક માબાપની બીજી મોટી ફરજ છે.

બાળ લગ્ન વગેરે લગ્નની બાબત વિશે.

(કવિતા)

ક્રીડા કરી ઘેર આવીઓ ॥ ચપળ ચીત્ત શ્રીપાળોરે ॥
ઉત્સુક મન દેખી કરી ॥ બોલાવે પુન્ય પાળોરે ॥ ક્રીડા ॥
એ દેશી.

બાળ લગ્ન કરતા નહી ॥
એ સાટે નહી સુખ થાયરે ॥
બાળકનું બળ બાળી દે ॥
વળી બાંધો નહી બંધાય રે ॥ બાળ ॥ ૧ ॥
પ્રજા નબળી એથી નીપજે ॥
કાયામાં નહી કૌવત રે ॥
આયુષ્ય ઓછું થાય છે ॥
માટે મુકો એ મમ્મત રે ॥ બાળ ॥ ૨ ॥
વિદ્યા વધે નહીં એહથી ॥
ભણવું મુકાવે એ રીત રે ॥
સ્મરણ શક્તી જાતી રહે ॥
ચેતો રાખી તમે ચિત્તરે ॥ બાળ ॥ ૩ ॥
કજોડાં ત્રણ જાતના ॥

નાનો વર વહુ મોટીરે ॥
બુઢા વરને બાળકી ॥
પરણાવવા રીત ખોટી રે ॥ બાળ ॥ ૪ ॥
ત્રીજું કજોડું ગુણનું ॥
વર વહુમાં વઢવાડરે ॥
નિશ દિન નીપજે એહથી ॥
એ પણ મહત બગાડ રે ॥ બાળ ॥ ૫ ॥
નર નારીની નીતીને ॥
નુકશાનનો નહી પારરે ॥
બાળ લગ્ન કજોડાં થકી ॥
શિળ વૃત ભંગ ધારરે ॥ બાળ ॥ ૬ ॥
કુળ કદી નહી કોઈનું ॥
જોતા નહી જન મંન રે ॥
વિદ્યા અને ગુણ કર્મ એ ॥
ધણીયાણીનું સધંન રે ॥ બાળ ॥ ૭ ॥
ભણી ગણી પેદાગરૂ ॥
થાએ પોતાનો પુત્ર રે ॥
પરણાવજો રૂડી પેરથી ॥
તે દીપાવશે ઘર સુત્ર રે ॥ બાળ ॥ ૮ ॥
સકળ કાર્યમાં લગ્નનું ॥
કારજ મોટું કહાવેરે ॥
'સુત પ્રભુ' મુખથી વદે ॥
સમજી ધરો શીખ ભાવે રે ॥ બાળ ॥ ૯ ॥

રમતો અને જુગાર વિશે.

બાળકોના મનનું વલણ બાળપણમાં રમવા તરફ વધારે હોય છે. બીજા છોકરાંઓનું જોઇને તેઓને રમતમાં ભાગ લેવાનું મન થાય છે. બાળકોને સરખી ઉમ્મરના છોકરાંઓમાં રમવા નહીં દેવા એ કાંઇ મારૂ મત નથી, પણ રમતો ઘણી પ્રકારની છે. કેટલીક રમતો એવી હોય છે કે જેથી રમનારાઓને ગમતની સાથે અંગ કસરત મળે છે, જેવી કે ગીલ્લી ડંડા, દડી દાવ, ચક બીલ્લુ, ધાલ પીછોડો વગેરે વગેરે. એવી રમતો છોકરાંઓને રમવાજ દેવી જોઇએ; પણ કેટલીક રમતો જેવી કે પાના, સોગઠા, કુંકડી દાવ, છાપ કાંટો, લંકા દોવા, ગંજીફા વગેરે નુકશાન કરનારી રમતો રમવા દેવી જોઇતી નથી. એવી રમતો રમવાથી કાંઇ પણ લાભ થતો નથી, પણ તે ઘણીવાર ગેરફાયદો તો કરે છે. જુગારનો આરંભ પ્રથમ એવી રમતોમાંથી થાય છે. કેટલાક લોકો એમ કહે છે કે પૈસાની સરત કીધા વગર એ રમતો રમવાથી ગેરફાયદો થતો નથી અને ફુરસદનો વખત થોડીવાર ગમતમાં જાય છે. આવાં બાંના કાઢી મૂર્ખ માબાપ છોકરાંઓને રમવા દે છે પણ ઘણા રમનારાઓને એવી રમતમાંથી જુગાર રમવાની લતો પડી ગઇ છે. હું ધારૂં છઉં કે કોઇ પણ સમજુ માણસ જુગારને તો પસંદ કરતો નહી હોય. જુગારથી ઘણા માણસો ભીખ માગતા થઇ ગયા છે. જુગારીના હાથમાં પૈસો રહી શકતો નથી અને હાર્યો જુગારી તો બમણું રમે છે. એ ઉપરથી કહેવામાં આવે છે કેઃ—

ઘેલી માથે બેડલું ॥ મરકટ કોટે હાર ॥
જુગારી હાથે સાંકળા ॥ તે છાજે કેટલી વાર ? ॥

જે રમત રમવાથી ખોટે ચાળે ચઢી જાય છે અને જે રમત જુગારમાં પેસવાનો દરવાજો છે તેવી રમતોજ ગમતને ખાતર પણ રમવી જોઇતી નથી. ફુરસદનો વખત ગમતમાં કાઢવાને ઘણા રસ્તા છે. કેટલાક લોકોનું એવું મત છે કે બીલકુલ રમતજ રમવા દેવી નહી પણ હું કાંઇ તેમ કેહેતો નથી. છોકરાંઓને તેઓની બરાબરીયાની સાથ થોડો વખત રમવાજ દેવા જોઇએ, પણ તે રમતો એવી જોઇએ કે જેમાંથી ગમતની સાથ થોડીક અંગ કસરત મળે. અલબત એવી રમતો પણ રમવાને કાંઇ હદ તો જોઇએ. દરરોજ સહવારથી તે સંધ્યાકાળ સુધી રમવાની છુટ આપવાથી છોકરાંઓ ચાળે ચઢી જાય છે. ઘણામાં ઘણો, બાળક હોય ત્યાં સુધી, એક કલ્લાક કોઇ છોકરૂં રમે તો કાંઇ અડચણ જેવું નથી. પઇસાદારના છોકરાંઓ ઘરમા ને ઘરમાં ઉછરે છે, તેઓને પોતાના બરાબરીયા છોકરાં સાથે થોડોક વખત ગમતમાં કાઢવાને કોઇકજ ઘેરથી છુટ મળતી હશે—બલકે નથી મળતી. એથી મોટા ઘરનાં છોકરાંઓ માઇ કાંકલા જેવા રેહે છે, બોલવા ચાલવામાં છુટા થતા નથી અને વળ કવળમાં સમજવાની શકતી ધરાવતા નથી. સંક્ષેપમાં એટલુંજ કેહેવાનું કે બરાબરીયા છોકરાંઓની સાથે અમુક વખત સુધી ફાયદા કારક રમતમાં ગમત તરીકે તમારાં બચ્યાંઓને ભાગ લેવા દેજો. એથી તેઓનું મગજ તાજું થશે, પણ જે નુકશાન કારક રમતો ફકત જુગારનું એક દ્વાર છે તેવી રમતોની ઓળે પણ તમારાં બચ્યાંઓને ઉભા રેહેવા દેતા નહીં. એમાં એટલી વાત યાદ રાખજો કે છોકરાઓને છોકરાઓમાં અને છોકરીઓને છોકરી-

ઓમાંજ રમવા દેવી. રાસ ક્રીડાની માફક બંને જાતોને—સ્ત્રી જાત અને પુરૂષ જાત—ભેગી કરવામાં ઘણાક નુકશાન છે.

અંગ કસરત વિશે.

બીજી પ્રજાઓની માફક આપણા દેશના લોકો પણ અસલથી પોતાનાં છોકરાંઓને અંગ કસરત કરાવતા હતા, અને તેને માટે તાલેમ અથવા અખાડાઓ સ્થાપવામાં આવતા હતા. હજી પણ કેટલેક ઠેકાણે તાલેમો અથવા અખાડાઓ ચાલે છે. અંગ કસરત શિખવાથી અને તે કરવામાં ઘણા લાભ રહેલા છે અને તેથીજ અસલના લોકો પોતાનાં બચ્ચાઓને અખાડાઓમાં મોકલતા હતા, પણ પાછળથી ઉસતાદોએ બરાબર દેખરેખ નહીં રાખી તેથી ધીમે ધીમે અનીતિનો પ્રવેશ થવા માંડયો. એ કારણને લીધે સારા લોકોએ પોતાના બચ્ચાંઓને ત્યાં જતા અટકાવવા માંડયા, અને ધીમે ધીમે તાલેમ અથવા અખાડાનું નામજ વગોવાઇ ગયું. અનીતિનો પ્રવેશ થવા માંડયો તેથી તેવે ઠેકાણે જતાં માબાપોએ પોતાનાં છોકરાઓને અટકાવ્યા એ ઘણું સારૂ કામ કીધું પણ એટલા માટે કસરત નઠારી વસ્તુ છે અને તેમાંથી ડોંગાઇ તથા લુચ્ચાઇ છોકરાઓ શિખે છે એમ માનવું ગેર મુનાશબ છે. દરેક માણસને કસરતની જરૂર છે, એથી શરીરનો બાંધો મજબુત થાય છે, જેથી થોડોક ભાર ઊંચકવો સેહેલ થઇ પડે છે. મનને કસરત આપ્યા પછી થોડોક વખત અંગને કસરત આપવાથી મન તાજુ થાય છે, અને ચાહે તેમાં

સેહેલથી ચિત્ત લગાડી શકાય છે. જેને કસરત આવડે છે તે માણસ જરાક વધારે ચાલે અથવા વધારે મેહેનત કરે તો તેના શરીરને ઇજા થતી નથી. જેને કસરત આવડે છે, જેનું અંગ વળેલું હોય છે તે શંકટની વેળાએ ઝાડ વગેરે ઉંચી જગાના ઉપર ચઢી શકે છે અને બારીએથી ગમે તે પ્રકારે નીચે ઉતરી શકે છે, એમાં તેને મુશીબત પડતી નથી. દરેક માણસ જમ્યા પછી થોડીક ગમે તે પ્રકારની કસરત કરે તો તેનું ખાધુ પાચન થાય છે. જે ધનાઢ્ય લોકો બીલકુલ કસરત કરતા નથી અથવા જમીને થોડાક વખત સુધી ચાલતા નથી અને હાલતા ચાલતા સેહેજ સેહેજ વાતમાં ગાડી ઘોડામાં બેસી ફરવા નીકળે છે તેઓના પેટ વાથી ફુલીને મોટા ગાગર જેવા થઇ જાય છે; એટલા માટે દરેક માણસને થોડીક કસરતની જરૂર છે. એવાં એવાં કસરતમાં ઘણાક લાભ રહેલા છે, પણ કસરત શિખવાનું કામ મોટપણમાં થતું નથી અને મોટપણમાં અંગ વળતું પણ નથી. કસરત કરવાની ટેવ બાળપણથી જ પડવી જોઇએ, અંગ પણ બાળપણમાંજ વળે છે માટે દરેક માબાપે પોતાના છોકરાઓને અંગ કસરત કરવાની ટેવ પાડવી જોઇએ. જે અખાડા અને તાલેમોથી છોકરાઓની નીતિને નુકશાન પોહોચે છે તેવે ઠેકાણે તો તેઓને નહીંજ મોકલવા જોઇએ પણ તેને બદલે નવી તાલેમો કયાં ઉઘાડી શકાતી નથી ? તેની દખરેખને માટે સારા આબરૂદાર માણસોની એક કમીટી નીમવી, અમુક વખતે કસરત શિખનારાઓની જાહેરમાં પરીક્ષા લેવડાવવી અને જાહેરમાં ઇનામો આપવા, એનો સારો વહીવટ ચલાવવા માટે નિયમો બાંધવા.

એમ કરવાથી તાલેમો અને અખાડાના કામ છોકરાઓની નીતિને નુકશાન લાગ્યા વગર સારી રીતે ચાલી શકશે. આપણી બ્રીટિશ સરકારે કસરતથી થતા લાભ તરફ નજર રાખી આપણા સુખને માટે દરેક અંગરેજી શાળાઓના સંબંધમાં એકેકી કસરતશાળા રાખી છે, પણ હું દલગીર છઉં કે ઘણેક ઠેકાણે તેના ઉપર જોઇતું ધ્યાન આપવામાં આવતું નથી, અને તેથીજ તે બરાબર ચાલતી નથી. તે નથી ચાલતી તો ઘેર ગઇ. આપણે આપણા પઇસાથી સ્વતંત્ર કસરતશાળાઓ ઉઘાડીએ અને તેની મારફત આપણા છોકરાઓને અંગ કસરત કરાવીએ તો એમાં ઘણા લાભ છે જે હું સંક્ષેપમાં ઉપર કહી ગયો છું અને વીનંતી કરૂ છઉ કે દરેક માબાપ એ બાબતપર લક્ષ આપે.

તમારાં બાળકોને કુસંગથી દુર રાખજો.

કુંડળીયો.

દુરીજનીયાના સંગથી, દુરગુણ આવે પાસ
રાખો તેથી વેગળા, બાળક બારે માસ
બાળક બારે માસ, અજ્ઞાની કેહેવાય છે
સોબતની અસર ઘણી, અજ્ઞાનીને થાય છે
કહે સુત પ્રભુ સર્વને, બગાડ છે કુસંગથી
સંભાળ રાખોબાળની, દુરીજનીયાંનાસંગથી ૧.

તમારાં બાળકોને તેઓના બાળપણથીજ દુરગુણી પુરૂષોની સંગત કરતા અટકાવજો. કાચી વયના યુવાનો—સ્ત્રી કે

પુરૂષ—ના મનપર સોબતની અસર જલદીથી થાય છે. સોબતીઓના સદગુણો આવતા તો ઘણી વાર લાગે છે પણ જેમ લોહીની સાથ ઝેરને મળી જતા વાર નથી લાગતી તેમ તેના દુરગુણો આવતા વાર લાગતી નથી એટલા માટે હંમેશા તમારા બાળકોને સજ્જનોનો સમાગમ કરાવજો અને દુર્જનોની ઓળે પણ ઉભા રેહેવા દેતા નહીં. વિદ્વાન તરીકે કોઇ માણસ આબરૂ ધરાવતો હોય, કારીગર તરીકે કોઇ માણસ માન પામતો હોય, ધનવાન તરીકે કોઇ પુરૂષ આદર સત્કાર પામતો હોય, હોશિયાર ગવૈયા તરીકે કોઇ ગાનારો વખણાતો હોય, બારીકીઓ કાઢવા માટે અને કાયદાની ઉંડી ગુંચો દુર કરવા માટે કોઇ વકીલને ઘણા કામો મળતા હોય અથવા પોતાના અસીલો ઉપર તે વગ ધરાવતો હોય પણ એટલા માટે તે તે પુરૂષો કાંઇ સજ્જન કેહેવાતા નથી. તેઓ જે માન પ્રતિષ્ટા પામે છે અને તેઓને લોકો વખાણે છે તે તેઓના ખાસ ગુણોને માટેજ, પણ તેઓના દુરગુણોને માટે પણ વખાણે છે અથવા માન આપે છે એમ કોઇ કાળે પણ માનશો નહીં. એક સંસ્કૃત કવિ કેહે છે કે:—

दुर्जनः परिहर्तव्यो विद्यया लंकृतो पिसन् ॥
मणिना भूषितः सर्पः किम सौन भयंकरः ॥१॥

અર્થ—જેમ સર્પ રત્ન માણીએ કરીને શોભાયમાન લાગે છે તથાપી તે શું લોકોને ભયંકર નથી લાગતો? લાગે છેજ; તેમ જે માણસ દુરર્જન છે તે વિદ્યાએ કરીને અલંકૃત હોય તોપણ તેને દુર કરવો.

કેમકે જે દુર્જન છે તેની ગમે એટલી પણ સેવા ચાકરી કરતા તેનામાં સજ્જનતા પ્રાપ્ત થવાની નથી; લીંબડાનું ઝાડ કડવું હોય છે પણ તેને મિષ્ટ કરવા સારૂ તેના મૂળમાં ગમે એટલું દુધ અથવા ઘી સીંચો પણ તેમાથી કદી મધુર રસ પ્રાપ્ત થવાનો નથી; એટલા માટે જે દુર્જન છે તેનાથી બચ્ચાંઓને દુર રાખવા એજ સારૂ છે.

જો તમે તમારાં બચ્ચાંઓને સોબત કરાવો તો સજ્જનની કરાવજો. જે લોકો તમારાથી ઊંચા હોય તેની સંગત કરાવવાને પ્રયત્ન કરજો, કેમકે તમારા કરતાં હલકા લોકોની સંગતથી જેમ હલકાઇ આવે છે તેમ તમારાથી ઊંચા પુરૂષોની સંગતીથી મ્હોટાઇ આવે છે અને દુનિયામાં ચઢતી થવાનો એજ રસ્તો છે. જયારે હું તમારાં કરતાં ઊંચા કહું ત્યારે એમ નહીં સમજશો કે ઉમ્મરે ઊંચા, અથવા જાતીએ કરીને ઊંચા, અથવા ધને કરીને ઊંચા, પણ જેઓ સદગુણે કરીને ઊંચા છે તેઓની સંગતી કરાવજો. જે લોકો દરજે હલકા છે તેવા માણસોની—તેવા અધમ માણસોની સંગત દુર કરાવવાને એક સરખી સંભાળ રાખજો.

છોકરાંઓનો બાળપણનો વખત વિધાભ્યાસ કરવાનો છે, માટે તેઓને તો જે છોકરાંઓ તેઓથી વધારે શિખેલા હોય, જે છોકરાંઓનું ચિત્ત હંમેશા ભણવા તરફ હોય, જે છોકરાંઓ રમતને ધિકા:રતા હોય, જે છોકરાંઓ પોતાના માબાપ અને બીજા મોટેરાઓના કહયામાં રેહેતા હોય, અને જે છોકરાંઓ સદગુણી તથા ધાર્મિક હોય તેવા છોકરાંઓની સોબત કરાવવી. એથી તેના સદગુણો અને રીતભાતો એનામાં

આવશે એટલુંજ નહીં પણ એના ચાલતા વિદ્યાભ્યાસને પુષ્ટી મળશે.

તમો જો તમારાં બચ્ચાંઓને તેની માણસાઈ લાયક ઉમ્મરે સ્વતંત્રતા આપો તો, અને તે આપવીજ પડશે કેમકે લાયક ઉમ્મરના થયેથી તેઓ તે માગવાના—તો એક માબાપ તરીકે તમો તેઓને હંમેશાં સારી શિખામણ આપતા રેહેજો. તમારી હંમેશની સારી શિખામણ તમારાં બચ્ચાં લાયક ઉમ્મરના થએથી કંટાળશે અને તેનું મન કબજે રેહેવાથી કચવાશે માટે જો તેઓ ઘણા કંટાળે તો થોડોક વખત તેઓની રૂચી જોઇ જોઇ લગામ છુટી મુકતા જજો. તે તદન સ્વતંત્ર થવા ચાહે અને રોજ ઘરમાં કંકાસ ઉપજતો હોય તો એકદમ તેઓને સ્વતંત્ર થવા દેજો—પણ તદન સ્વતંત્ર કરીને પૈસા ધીરતા નહી, તેઓની દાઝ ખાતા નહી; ઘણીજ નઠારી વર્તણુંક ચલાવે તો ઘરમાંથી દુર કરજો, ખતા ખાવા દેજો અને પછી જયારે તે પોતાની સ્વચ્છંદી ચાલને માટે પીડાય, મનમાં પશ્ચાતાપ કરે એવું તમને માલમ પડે ત્યારે પાછો ધીમે ધીમે હાથપર લેજો. પછી તેને જેમ સમજાવશો, જેવી શિખામણ આપશો તે સઘળી તે માન્ય કરશે; અને અઠડાયલો કુટાયલો ઠેકાણે આવતો જશે. ઘણાક યુવાનો ખતા ખાધા વગર હોશીઆર થતા નથી અને સદગુણ ગૃહણ કરી વિનયને પામતા નથી.

પણ તેમ એક વાત લક્ષમાં રાખજો. છોકરાઓને છોકરીઓ સાથ અને છોકરીઓને છોકરાઓ સાથ બાળપણથીજ રમવામાં, ખાવામાં, પીવામાં, ભણવામાં અને ગણવામાં, હસવામાં અને બોલવામાં ભેગા થવા દેતા નહી. છોકરાઓ છોક-

રાઓમાં અને છોકરીઓ છોકરીઓમાં ભેગા થઈજે કામ કરશે અથવા કાંઇ ઉદ્યમ કરશે તે વિશેષે કરીને નિરઅપરાધી થશે. સ્ત્રી અને પુરૂષ એ બે જાત ભેગી થવાથી થોડેક અંશે નાના બાળકોમાં પણ કુદરતી વિષય જ્ઞાન અથવા વિષય સુખની વાસના સ્ફુરી આવે છે માટે એ દારૂ અને દેવતા દુર રાખવામાંજ મઝા છે. નાના બાળકોમાં વિષય સુખની વાસના છે—તેઓમાં એ પ્રેરણા બુદ્ધિ તેમના જન્મથીજ મુકવામાં આવેલી છે એમ હું અનુભવ ઉપરથી કહું છું અને આપ સાહેબના અનુભવમાં પણ એ વાત આવી હશેજ, તો એ વિશે હું વધારે શું કહું ?

તમારા છોકરાઓને એકજ ધંધામાં નાખશો નહીં.

આપણા દેશમાં ધંધા રોજગાર ઓધે ઉતરે છે. જો કોઈ કાપડીઓ હોય તો તેની ઓલાદના સઘળા માણસો પણ કાપડ વેચવાનું કામ કરે, જો કોઈ શરાફી કરતો હોય તો તેના છોકરાં પણ શરાફી કરે, જો કોઈ અનાજનો ધંધો કરતો હોય તો તેના છોકરા પણ અનાજનો ધંધો કરે, દલાલના છોકરા દલાલી કરે, વણકરના છોકરા વણવાનું કામ કરે, નાગર અને કાયસ્થ લોકો નોકરીઓ કરે છે તો તેના છોકરાઓ પણ નોકરી કરે છે. એ રીતે જોતાં માલમ પડે છે કે કેટલાક ધંધા ઓધે ઉતરતા આવે છે અને તેથી માબાપો પોતાના છોકરાઓને ઊંચી કેળવણી આપ્યા વગર બચપણથીજ પોતાના ધંધામાં

નાખે છે. પોતાનો ધંધો લાભકારી હોય અને તેમાં વધારે માણસોની જરૂર હોય તથા સઘળાનું ગુજરાન ચાલી શકે એટલી પેદાસ હોય તો બચપણથીજ તેઓને તે ધંધામાં માહેર કરવા એ સારી વાત છે પણ એટલા માટે તેઓને કેળવણી નહી આપવી અને ભણાવવા નહી એ કાંઈ સારી વાત નથી. ઊંચી કેળવણી લેવા માટે ઉત્તમ પ્રકારના ગ્રંથો તેઓને શિખવવાજ જોઇએ; એથી તેઓને પોતાના ધંધામાં બેવડો લાભ થશે, તેઓનું મગજ ખેડાશે, વિચાર શક્તિ વધશે અને તેથી નવા શોધ અને બુટા ઉઠાવશે એટલુંજ નહી પણ પોતાના ધંધામાં મળતા અનુભવને ઊંચી કેળવણીથી પુષ્ટી મળશે. માટે પ્રથમ નિશાળોમાં મોકલી ઊંચી કેળવણીનો લાભ લેવા દો અને પછી પોતાના ધંધામાં નાખો; પણ ધંધામાં નાખતા અગાઉ એક વાતનો વિચાર કરવો જોઇએ. છોકરાનું વલણ કેણી તરફ છે? તેને કયો ધંધો પસંદ છે, અને તેના ગુણ કર્મ ઉપરથી તે કયા ધંધાને લાયકનો થશે તેનું તોલ કરવું અને પછી તેને તેના મન ગમતા ધંધામાં નાખવો. તેમાં તે જય મેળવશેજ મેળવશે; પણ એમાં આટલી વાત પાણ યાદ રાખવાની છે અને તે એકે જો તમારે એક કરતાં વધારે સંતાન હોય તો તેઓ સઘળાને એકજ ધંધામાં નહી નાખતા તેઓને જુદા જુદા ધંધા રોજગારની વેહેચણ કરી આપવી. એમ કીધાથી તે કોઇવાર ઘણા લાભકારી થઇ પડે છે. ધારો કે તમો રૂનો અથવા કાપડનો ધંધો કરો છો અને તમોને ચાર છોકરા છે તે પણ તમારી સાથે તેજ ધંધામાં બાળપણથી પડેલા છે. તમારા રૂના અથવા કાપડના ધંધા પ્રદેશમાં જાગવા-

થી તેઓ તમારી સાથ મુકાબલા ઉપર આવે છે. તમારા કરતા તેઓ ઊંચુ રૂ અને ઊંચા પ્રકારનું કાપડ કરી શકે છે અને તમારા કરતા સસતે ભાવે વેચે છે તો તમને રૂમાં અથવા કાપડમાં આગળ જે લાભ થતો તેને બદલે હવે નુકશાન થવા લાગું, તો પછી તમો અને તમારા ચારે છોકરાઓ તદન ધંધા વગરના થઈ પડવાના. એક વણકર પોતાના ચારે છોકરાને વણાટના કામ ઉપર વળગાડે છે, તેઓ એ ધંધામાં સારૂ પેદા કરતા હતા; હવે સંચા કામથી બીજા વેપારીઓ તેના કરતા ઓછી મેહેનતમાં સસતુ અને સારૂ કાપડ બનાવી વેચે છે તો એ વણકરનો અને તેના ચારે છોકરાઓનો ધંધો પડી ભાગ્યો. એઓએ કેળવણી તો લીધીજ નહી હોય, ત્યારે હવે તેઓને બીજા નવા ધંધામાં ઘણી મુશકેલીઓ નડવાની અને તેથી આખું કુટુંબ પેદાસ નહી થવાથી ગુજરાનને માટે બુમ મારવાનું. હું એમ કહું છુ કે તમારે જો એક કરતા વધારે છોકરાઓ હોય તો તે સઘળાને એકજ ધંધામાં નાખશો નહી અથવા એકનો એકજ હુન્નર શિખવશો નહી. જુદા જુદા છોકરાઓને જુદા જુદા ધંધામાં નાખવાથી અને તેઓને જુદા જુદા હુન્નર શિખવવાથી તેઓ કોઈ ધંધો અથવા હુન્નર પડી ભાગવાથી છેક સામટા બુમ પાડશે નહી. એકનું રળતર બીજાને કામમાં આવશે અથવા એક ભાઈ પોતાનો હુન્નર બીજા ભાઈને શિખવશે. મારા મરનાર પિતા મને કેહેતા હતા કે "બચ્ચા, તારી પાસે પુંજી હોય તો તે સઘળી પુંજી એકજ શાહુકારને ત્યાં વ્યાજે ધીરતો નહી કેમકે કદાચ તે શાહુકાર ભાંગશે અથવા દેવાળું કાઢશે તો તારી સઘળી પુંજી ઘલાઈ

જશે." એજ મુજબ છોકરાઓ એ માબાપની પુંજી છે અને ધંધો એ શાહુકાર છે માટે છોકરાઓને એકજ ધંધામા નાખતા નહી.

માએ દીકરીનું ઘર નહી ભરવું.

વિશેષે કરીને બાપનું હેત દીકરા ઉપર અને માનું હેત દીકરી ઉપર આ દેશમાં દીઠામાં આવે છે. આ ઉપરથી એમ નહી સમજવું કે બાપનું હેત દીકરી ઉપર અથવા માનું હેત દીકરા ઉપર હોતુંજ નથી. હેત તો બંનેને—માને અને બાપને—દીકરા દીકરી બંનેના ઉપર હોય છેજ પણ સ્રીનું વલણ સ્રી તરફ અને પુરૂષનું પુરૂષ તરફ વધારે દીઠામાં આવે છે. દીકરો બાળક હોય ત્યાં સુધી તો માનું હેત દીકરા ઉપર અને દીકરી ઉપર કાંઇકિ સરખું દીઠામાં આવે છે ખરૂ, પણ દીકરો મોટો થયા પછી ઉદ્યમે વળગી જાય છે તેથી તેનાથી માની ચાકરી જેટલી દીકરી કરે છે તેટલી થઈ શકતી નથી. વળી દીકરાને પરણાવ્યો હોય તેથી તેની બાયડી લાયક ઉમ્મરની થવાથી ઘરમાં રેહેતી હોય. આ દેશમાં અને તેમાં વિશેષ કરી હિંદુ લોકોમાં એવો રીવાજ છે કે પરણ્યા પછી સ્રીનું ઘર પોતાનું સાસરૂ કેહેવામાં આવે છે, સાસરામાં તે ઘરધણીયાણી ગણાય છે, તેના ધણીની ગોત્ર તેજ તેની ગોત્ર ગણાય છે, સુતક પણ વિશેષે કરીને સાસરા તરફનુંજ લાગે છે; એટલા માટે સંસારની રીત મુજબ તેણીનો સઘળો ખરચ તેના સાસરામાંથી પુરો પાડવામાં આવે છે. તેણીના પીયરીયા શાક-

તા હોય તો કાંઇ પૈસો ટકો અથવા લુગડું કાંચળી કરે ખરા, પણ દીકરીને પરણાવ્યા પછી તેઓ કાંઇ પણ કરવાને બંધાયલા નથી. પીયરથી નહીં મળે તો સાસરીયા તેનો ખરચ પુરો પાડવાને બંધાયલા છે અને સાસરીયા નહીં કરે તો તેણીના ધણીએ તો ખરચ પુરો કરવોજ જોઇએ. ધણી દરેક જરૂરની ચીજો અને તેમાં વિશેષ કરી લુગડું કાંચળી અને સારી કમાણી હોય તો પલ્લાં ઉપરાંત બીજા ઘરેણાં પોતાની બાયડીને કરે તે પેલી આણસમજ માથી ખમાય નહીં. મા હંમેશા એમ ઇચ્છે કે જેટલું દીકરાની વહુને થાય તેટલુંજ દીકરીને મળે તો સારૂ કેમકે દીકરી તેની વખતે વખતે ચાકરી કરતી હોય. પેલા દીકરાથી પોતાની બેનને પોતાની બાયડી જેટલું આપવાની શકતી નહીં હોય તેથી તે કરે નહીં અથવા માની ધારેલી ઇચ્છા પાર પડી શકે નહીં તેથી મા દીકરા ઉપર અને દીકરાની વહુ ઉપર ઝાંસા કર્યા કરે એથી મા દીકરા વચ્ચે થોડોક અણબનાવ ચાલે. સાસુ વહુને તો બનેજ નહીં કેમકે દીકરો તો માના ઉપકાર ઉપર લક્ષ રાખી કદાચ પોતાની માના ખોટા પણ ઝાંસા ખાય પણ પેલી વહુ તો શાંખેજ શેની અને તડ તડ સામા ઉત્તર આપે. પોતાની મરજી મુજબ નહીં થાય, તેથી મા પોતાની પાસે જે હોય તેમાંથી દીકરીને ચાકરી બદલ કાંઇ કાંઈ આપ્યા કરે, દીકરાથી છાનું છપનું આપી દે અને પેલી વહુવારૂના જાણવામાં એ વાત આવી હોય તો તે પોતાના ધણીના કાન ભરે અને તેથી મા દીકરા વચ્ચે પણ અણબનાવ ચાલ્યા કરે. દીકરાને ખબર પડેથી તે કોઇ કોઈ વાર પોતાની માને ઠપકો દે; મા તેને એવો ઉ-

નર આપે કે "મા દીવાની, બેહેન દીવાની અને બઇરી મારી ગુણજા ભાની." પોતાની બાયડીને તો પા સુકન કેહેવાતો નથી અને મુવો મને ઠપકો દેવા આવ્યો છે. આ ઠેકાણે બાપ જો ડાયો હોય તો તકરારનું તોલ કરે અને વાજબી હોય તે થવા દે. પોતાની સ્રીને ઠપકો દેવો ઘટે તો તેને અને દીકરાને દેવો ઘટે તો તેને ઠપકો આપે પણ આજ કાલ ઘણા પુરૂષો સ્રીઓના વધારે દીડામાં આવે છે તેથી મા પોતાની દીકરીનું એંચી દીકરાને ઠપકો આપે અથવા પોતાની ભુલ છુપાવે તો તેની વચમાં પેલો બાપ આવતો નથી. એ રીતે દીકરો માના કડવાં વચન સાંભળે અને વળી તેની બાયડી બળતામાં ઘી હોમી પોતાના ધણીના કાન ભરતી જાય તેથી દીકરાજી આખર કંટાળીને, લડાઇનું મોહો કાળુ, એમ સમજી માબાપથી જુદા રેહે, એજ સારમાં સાર નિકળે. હવે આમ કાંઈ સઘળી મા કરતી નથી. શાંણી, સમજુ અથવા ભણેલી માતુશ્રીઓ દીકરા ઉપર હેત રાખવા છતાં પણ દીકરીને ઘટે તેટલું દીકરીને અને વહુને ઘટે તેટલું વહુને કરે છે અથવા અગાડી રહી દીકરા પાસે કરાવી પોતે જશ લે છે; પણ આપણા દેશની સ્રીઓનો મોટો ભાગ ભણેલો હોતો નથી અને તેથી એમ કેહેવામાં આવે છે કે "બઇરાંની બુદ્ધિ પગની પાહાણીએ." એથી ઘણે ઘેરથી અને ઘણા કુટુંબોમાંથી સાસુ વહુની લડાઇની, દીકરો માબાપથી જુદો રહયાની, મા દીકરીનું ઘર ભરી દે છે તેની વાતો આપણે કાંને વારંવાર આવે છે. એવી બેસમજ માતાઓએ ઘણો વિચાર કરવો ઘટે છે. તેઓએ જાણવું જોઇએ કે દીકરીને પરાણાવી છે તેથી તેનો ખરચ

તેના સાસરીઆએ પુરો પાડવાનો છે અને પોતાના ઘરની જે પુંજી હોય તેનો ભોગવટો તો દીકરાએજ કરવાનો છે. તેણે વિચાર કરવો જોઇએ કે દીકરાને ધંધો રોજગાર કરવાને નાણાની જરૂર પડશે, અને દીકરીને કાંઇ ધંધો કરવા જવાનું નથી. આખા ઘરનો ખટલો દીકરાએ ચલાવવાનો છે, તે ચલાવવાને દીકરી આવવાની નથી. કેહેવત છે કે "ઘર ચલાવે તે ઘરનો વેરી અને ગામ ચલાવે તે ગામનો વેરી" તેમ દીકરો ઘર ચલાવે તેથી જેનું ધાર્યું નહીં થાય તેને તે કડવો લાગે અને કોઇને સારો પણ લાગે તોપણ ગમે તેમ કરીને તેને ઘર તો ચલાવવું પડે છે. ઘર ચલાવનારને ઘણી ફીકરો હોય છે, તેનો જીવ આખો દીવસ પોતાના ધંધામાં હોય, એથી મગજ પણ પકાવવું પડે અને સારો દાહાડો માથા ફોડ કરીને ઘરમાં આવ્યો હોય, ત્યાં બે ઘડી આરામ મળવો જોઇએ, તેને બદલે મૂર્ખ માતા, દીકરાની વહુની ખરી ખોટી ફરીઆદો કરે અને વહુ સાસુની ફરીઆદ કરે તેથી ઘરમાં કંકાસ નિપજે. સમજુ માતાએ તો દીકરીનું ઘર ભરવાની દાનતજ રાખવી જોઇતી નથી. તેણીએ દીકરાની વહુને દીકરી સમાન ગણી દીકરી જેટલુંજ તેના ઉપર હેત રાખવું. પણ કોઇના મનમાં એવો શવાલ ઉઠશે કે દીકરીને સાસરામાં દુઃખ હોય તો શું માબાપનો ધર્મ નથી કે તેને સુખી કરવાને પ્રયત્ન કરવાં? અલબત કરવાજ જોઇએ પણ સઉ રીતસર થાય. સાસરામાં રોટલો ખાવાનો બરાબર નહીં મળતો હોય તો તેને ખવાડવું પડે અને એમાં દીકરો આડે આવે એમ બનેજ ન-

ણાં પણ ઘડાવીને દીકરીને પેહેરવા

આપી દેવા એ કાંઈ બને નહીં. ઘરેણાં મળવા એ તો સઉ સઉના ભાગ્ય ઉપર આધાર રાખે છે.

તમારી પાસે પુંજી હોય તો છોકરાઓને સરખે ભાગે વેહેચી આપજો.

હવે મારે એકજ વાત કેહેવી છે. કેહેવાનું તો ઘણું છે પણ તે ઝીણી વાતો છે અને તે વિશે મેં કાંઇ લખ્યું નથી. મોટી મોટી વાતો વિશે હું સંક્ષેપમાં કહી ગયો અને હવે મારે તમો સાહેબોને વધારે ખોટી પણ કરવા જોઇતા નથી.

પુંજી ન હોય અને એકજ દીકરો હોય ત્યારે તો મારે કાંઈ કેહેવાનું નથી, પણ જો તમારી પાસે રોકડ કે પછી સ્થાવર પુંજી હોય અને તમને એક કરતાં વધારે દીકરા હોય તો તમે તમારી પુંજી સઘળા છોકરાઓને સરખે ભાગે વેહેચી આપજો. જો તમારો વેપાર બોહોળો હોય અને તમારા અથવા તમારા વડીલોના નામની પેહેડી ચાલતી હોય તોપણ તમે એવો બંદોબસ્ત કરી રાખજો કે જેથી તમારી પાછળ તમારા છોકરાઓમાં કંકાસ ઉઠે નહી. ખરી વાત છે કે તમારાથી તમારી પુંજી આગળથી વેહેચી દેવાય નહી, પણ તમને જ્યારે એમ માલમ પડે કે તમારી અવસ્થા થઈ છે અથવા તમને એમ જણાય કે તમે હવે વધારે કાળ કાઢી શકશો નહી, તો તમારે તમારા સઘળા છોકરાઓને અને તેની માને પાસે બોલાવી પોતાની પુંજી અને લેન દેન બતાવી દેવં. અથવા તમારે હાથે વસાએતનામુ કરી જ

માટે તેના વાલી તથા વહીવટદાર મુકરર કરી જવા. તે વસી-યતનામાની બધા છોકરાઓને એકેકી ખરી સહી સાથે નકલ આપજો અને અસલ નકલ કોઇ ત્રાહિત માણસોને સોંપજો. ઘણી પુંજી હોય તો થોડોક હિસ્સો છોકરીઓને માટે તથા કેટલોક ભાગ ધરમના ખાતાઓને માટે પણ કાઢજો. દેવું કરવું એ કોઇને પસંદ નથી અને તમને પણ પસંદ તો નહીંજ હોય તોપણ બનતા સુધી છોકરાઓને માટે દેવું મુકી જતા નહીં. તમો ન્યાત વરા અને મોટા વરઘોડાઓ કરી મોટા ખરચો કરો તે કદી પણ દેવું કરીને કરતા નહીં, જો તમારામાં તે તુરત વાળવાની તાગાદ હોય તોજ કરજો, પણ દેવું કરવું એજ ખોટું છે. અંગ્રેજીમાં કેહેવત છે કે "Borrowing goes a sorrowing" જો કરો કરજ તો રડવાની પણ ફરજ આવી પડે છે, માટે એ વાત પર ઘણું લક્ષ રાખજો. તમને એક કરતાં વધારે છોકરા હોય અને પછી તમે સઘળી પુંજી એકજ મોટા છોકરાને પરણાવવા પાછળ ખરચી નાંખો અને બીજાઓને માટે કાંઇજ રેહેવા નહીં દો તો તે નાના છોકરાઓના હકમાં કાંઇ તમારે માટે સારૂ કેહેવાશે નહીં. એક છોકરાનેજ પરણાવવા જેટલી પુંજી હોય તો તે એકની પાછળજ ખરચી નાંખી બીજા છોકરાઓના હકને નુકશાન પુગાડતા નહીં; તેના કરતાં વધારે સારો રસ્તો એ છે કે કોઇને પણ તમારી પુંજીથી પરણાવવા નહીં. તે છોકરાઓને આપ બળથી રળીને પુંજી ભેગી કરવા દો અને થોડુંક ઘટતું વધતું તમારી પુંજીમાંથી સઉને હિસ્સો પડતું આપજો.

કરાઓને પરણાવવા સારૂ એક પાઇ પણ રેહેવા દેતા નથી તે-
થી માબાપના મુવા પછી મોટો ભાઇ નાના ભાઇની દાદ ફરી-
આદ લેતો નથી. મોટો ભાઇ રળી રોટલા ખાતો હોય અને
વળી ત્રણ ચાર છોકરાંઓનો બાપ થઇ બેઠો હોય એટલે ના-
નાભાઇને ભાગ્યેજ કાંઇ મદદ કરે છે, અને મોટા ભાઇની
બાયડી રાતો સવાયો પણ આપવાજ શેની દે ! નાના ભાઇ-
ઓ તગાજો કરે અને કેહે કે તને બાપે પરણાવ્યો છે માટે હવે
હમને તું મદદ કર, હમને ભણાવ ગણાવ અને પરણાવ, ત્યા-
રે મોટો ભાઇ અશક્ત હોવાથી એમ કેહે કે એ તો મઝીયારા-
માં ખરચ થઇ ગયો તેથી તે ખરચો સાથે તમારૂં કાંઇ લાગ-
તું વળગતું નથી. નાના ભાઇઓ ઘણા સામા થાય તો મોટો
ભાઈ કોરટના બારણા પણ વખતે બતાવી દે. નાના ભાઇઓ
સરકાર દરબાર જાય પણ તેઓનું હિંદુ શાસ્ત્રના સ્થાપિત
કાયદા મુજબ કાંઈ વળે નહી અને આખરે નાના ભાઇઓ નિ
રાશ થઇ મોટા ભાઇના નામના સ્નાન કરી ઊંચા બેસે.

હવે સઘળા ભાઇઓ કાંઈ એવા બેવકુફ હોતા નથી. કે-
ટલાક સમજુ ભાઇઓ નાના ભાઇઓને યથા શકતી મદદ કરે
છે પણ આજ જ્યાં જોઇશું ત્યાં કુટુંબોમાં લડાઇનું મૂળ વિ-
શેષ કરી બઇરાં હોય છે. કેહેવતમાં પણ કેહે છે કે "જર, જોરૂ
અને જમીનની લડાઇ." પારકી જણી આવી હોય તે ઘરમાં
મોટે માથે થઇને બેસે અને સઘળો પોતાનો હુકમ ચલાવે તે-
થી કંકાસ ઉત્પન થાય છે. ઘણાક લોકો એમ કેહે છે કે ભાઈ
એટલે 'ભય,' ભોજાઇ એટલે 'ભય-
લે 'ભય—ત્રિજો' એ વાત કેટલેક

લાગે છે. એ ત્રણે શબ્દોના આ અર્થ કાંઈ ખરા નથી પણ ભાઈ, ભોજાઇ અને ભત્રિજાની વર્તણુંક ખરી કરી આપે છે. જ્યારથી એક ભાઈ થયો કે 'ભય' પેદા થયો કેમકે તે બાપની પુંજીમાંથી એક હિસ્સાનો પડાવનાર ઉત્પન થયો; ભોજાઇ ઘરમાં આવી કે એક બીજો 'ભય' પેદા થયો કેમકે લડવા વઢવામાં તે પોતાના ધણીનો પક્ષ ખેંચનારી થઇ પડવાની; અને ભત્રિજાનો જન્મ થયો કે ત્રીજો 'ભય' પેદા થયો કેમકે પેલા છડા ભાઇની સાથે લડવા વઢવામાં બેની સાથે એ ત્રિજો મળી જશે. એ રીતે કુટુંબોમાં જર અને જમીનને માટે જોરૂઓ અને જોડીયા ભાઇઓથી ઝઘડા જાગે છે, માટે તમારી પાછળ તમારા કુટુંબમાં કલેશ કંકાસ નહી જાગે તેની સંભાળ રાખવાને જર અને જમીનની ઘટતી ગોઠવણ કરતા રેહેજો, એ તમારા ગરિબ સેવકની વિનંતી છે.

સમાપ્તી.

ઉપર મુજબ મેં તમો સાહેબોને જે જે સુચનાઓ કીધી છે તે સઘળી ઘણા વિસ્તારથી કહી શકાય એમ છે અને લખવા બેસીએ તો એ માહેલી દરેક બાબતો વિષે પાનાના પાના લખી શકાય, પણ મેં તો એક કલાકમાં સઘળું વાંચી શકાય એવી ગોઠવણ રાખી સંક્ષેપમાં ચીતરી વાળ્યું છે. વળી એ બાબતો નવી પણ નથી; દર રોજ તમારી નજર તળેથી એવી બાબતો વારંવાર પસાર થતી હશે; મેં તો ફકત એટલું જ કીધું છે કે મને જેમ આવડ્યું તેમ મારી અપકવ ભાષામાં

રચના કીધી. અલબત એમાં જેટલું કેહેવામાં આવ્યું છે મારા અનુભવની વાત છે અને અગરજો એમાં લખેલી સઘળીજ બાબતો મને પોતાને વીતી નથી તોપણ એમાંની ઘણીક બાબતો મારી નજરની જોયલી છે; અને એક મનુષ્ય તરીકે મારો ધર્મ છે કે મારા અનુભવની વાતો મારે બિજાઓને કેહેવી. આટલું છતાં પણ હું કાંઇ એમ નથી કેહેતો કે તમો સઘળા સાહેબો એજ મુજબ વરતો. કદાચ મારા અનુભવ ઉપરથી મારા કાઢેલા અનુમાન અને સારાંશ ભુલ ભરેલા પણ હોય, કદાચ મારા કરતા વૃદ્ધ વિચારના અને વૃદ્ધ વયના પુરૂપોના કાઢેલા અનુમાન મારા વિચારથી વિરૂદ્ધ જઇ તે વધારે પુખ્ત ગણાતા હોય તેની મારાથી ના કેહેવાતી નથી. હું તો સંક્ષેપમાં એટલીજ વિનંતી કરૂં છઉં કે તમો સાહેબો મારી જણાવેલી સુચનાઓ ઉપર વિચાર કરજો અને અસારને અલ્લગ રાખી માત્ર સારનો સંગ્રહ કરજો.

મેં તમો સાહેબોને ઘણા ખોટી કીધા છે અને કદાચ કેટલાક તો મારી અપક્વ, અપૂર્ણ અને અસ્પષ્ટ ગદ્ય વાણીથી કંટાળ્યા પણ હશે માટે હું વધારે ખોટી કરવા માગતો નથી પણ તમો સાહેબોને સુચવીને હું, આખા વિષયનો સાર લઇ, મારી છેલ્લી પ્રાર્થના તમને અને તે પરમકૃપાળું પરમેશ્વરને પદ્યમાં કરવા માગું છઉં, જે હું ધારૂં છઉં કે તમને નાખુશ કરશે નહી. એટલું કીધા પછી હું મારૂં બોલવું બંધ કરીને બેસી જઇશ.

છેલ્લી પ્રાર્થના.

મન પરદેશી લો કે રાજા મોરા, મન પરદેશી લો ॥એ દેશી ॥

મન પર લો મેરી બાત, સજન સઉ,
મન પર લો મેરી બાત. ॥ સજન ॥ ટેક ॥
સુત સુતાની રીત ભાત, સારી નરસી થાય ॥
બંધારણ એ બંધનો, ગૃહ સુત્ર પર જાય ॥
માત પીતા લો શિખ, સમજીને,
માત પીતા લો શિખ. ॥ મન ॥ ૧ ॥
ધોરણો શિખવા તણા, નથી વખાણાતા આજ ॥
માટે પ્રથમ સ્વધર્મનું, જ્ઞાન કરાવો રાજ ॥
ધર્મે જય જય કાર, સમજ મન,
ધર્મે જય જય કાર. ॥ મન ॥ ૨ ॥
ધર્મ જ્ઞાન આપી કરી, પછી આપ નીતિ જ્ઞાન ॥
તે સાથે સંસારનું, જ્ઞાન આપ સુજાન ॥
સુખી થશે સઉ બાળ, વાહાલા મોરા,
સુખી થશે સઉ બાળ. ॥ મન ॥ ૩ ॥
ભાવ સહીત ભણાવજો, નાની મોટી નાર ॥
પુરાતન એ ચાલ છે, શું કહું વારંવાર ॥
ભણે બગડે નહીં નાર, વીવેકીજન,
ભણે બગડે નહીં નાર. ॥ મન ॥ ૪ ॥
બાળ લગ્ન કજોડાં થકી, અનર્થ અપરંપાર ॥
રૂઢી એ રૂડી નથી, માર માર કર ઠાર ॥

ચેત બે ચેત તું ચેત, ચતુર નર,
ચેત બે ચેત તું ચેત. ॥ મન ॥ ૫ ॥

ગમત ખાતર રમતજે, રમે થાય નુકશાન ॥
રાખો તેથી વેગળા, બાળક બહુ અજ્ઞાન ॥
જુગાર પણ એથીજ, જારી થાય,
જુગાર પણ એથીજ. ॥ મન ॥ ૬ ॥

કસરત આપો અંગને, બાંધો મજબુત થાય ॥
મરદાઈ ત્યારે આવશે, લખી રાખો દીલમાય ॥
ઘણા કરે એ લાભ, ખોટું નથી,
ઘણા કરે એ લાભ. ॥ મન ॥ ૭ ॥

દુરજનથી દુર રાખજે, બાળક બંને જાત ॥
નાના મોટા સર્વને, લાગે પાસ સુન ભ્રાત ॥
કુસંગે હાલ હવાલ, પ્યારે લાલ,
કુસંગે હાલ હવાલ. ॥ મન ॥ ૮ ॥

તનુજ તુજને એકથી, વધુ હોય નીદાન ॥
ઉદ્યમ વીવીધ પ્રકારના, શિખવ ચતુર સુજાન ॥
શિખે નહીં નુકશાન, પ્રીતમ લાલ,
શિખે નહીં નુકશાન. ॥ મન ॥ ૯ ॥

મા દાનત દીકરી તણું, ઘર ભરવા હંમેશ ॥
રાખે છે આ દેશમાં, ખોટું નહીં લવલેશ ॥
સમજીને તું ચાલ, બેની મોરી,
સમજીને તું ચાલ. ॥ મન ॥૧૦॥

ઘેરેઘેર ઝઘડા ઉઠે, જર જમીનકે માટ ॥
ભાગ બરાબર પાડજો, કરવા દુર કચાટ ॥